AXIS BANK

સૌથી મહત્વની શરતો અને નિયમો

અહીંયા આપવામા આવેલી તમામ સૌથી મહત્વની શરતો અને નિયમો તમામ ક્રેડિટ કાર્ડના ધારકોને તેમજ ક્રેડિકાર્ડ માટે અરજી કરનારાઓને તથા બેંકના ગ્રાહકો તેમજ બેંકની ક્રેડિટકાર્ડ પ્રોડક્ટ્સમાં રસ ધરાવતા નાગરિકોને લાગુ પડે છે. શરતો-નિયમો ફેરફારને આધીન છે. આ શરતો અને નિયમો બેંકના કાર્ડહોલ્ડર(કાર્ડધારક) એગ્રિમેન્ટ (કરાર)ના શરતો અને નિયમો સાથે કે તેનાથી વધારામાં વાંચો

A) ચાર્જીસ (જુદા જુદા શુલ્ક કે ભાવ) નું પત્રક

1. જોડાણ(જોઈનિંગ, વાર્ષિક અને એડઓન કાર્ડ ફી

ક્રેડિટ કાર્ડનો પ્રકાર	જોઈનિંગ ફી (જોડાણ ફી રૂપિયામા) (કાર્ડ એક્ટિવેટ એટલેકે શરૂ થયા બાદ વસુલવામા આવશે)*	વાર્ષિક ફી બીજા વર્ષથી શરૂ થશે (રૂપિયામા)*	એડ ઓન કાર્ડ
એક્સિસ બેંક ઈન્ફિનિટ ક્રેડિટ કાર્ડ	શૂન્ય	શૂન્ય	શૂન્ય
એક્સિસ બેંક બઝ ક્રેડિટ કાર્ડ	750	750	શૂન્ય
ઈન્ડિયન ઓઈલ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ	500	500	શૂન્ય
ફ્લિપકાર્ટ એક્સિસ બેંક સુપર એલાઈટ ક્રેડિટકાર્ડ	500	500	શૂન્ય
ફ્લિપકાર્ટ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ	500	500 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 3,50,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય

એક્સિસ બેંક ફ્રીચાર્જ ક્રેડિટકાર્ડ	250	250	શૂન્ય
એરટેલ એક્સિસ બેંક ક્રેડિટકાર્ડ	500	500 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 2,00,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય
સેમસંગ એક્સિસ બેંક સિગ્નેચર ક્રેડિટકાર્ડ	500	500 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 2,00,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય
સેમસંગ એક્સિસ બેંક ઈન્ફિનિટ ક્રેડિટ કાર્ડ	5000	5000 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 7,00,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય
એક્સિસ બેંક ફ્રીચાર્જ પ્લસ ક્રેડિટ કાર્ડ	350	350 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 50000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય
એસ ક્રેડિટ કાર્ડ	રૂ. 499 (કાર્ડ સેટ અપના 45 દિવસમાં 10000 રૂપિયાના ખર્ચ પર માફી અપાશે)	499 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 2,00,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય

	શૂન્ય રૂપિયા કે ફી – કેટલીક		
સ્પાઈસજેટ એક્સિસ બેંક વોયાગ ક્રેડિટકાર્ડ	750	750	શૂન્ય
સ્પાઈસજેટ એક્સિસ બેંક વોયાગ બ્લેક ક્રેડિટકાર્ડ	2,000	2,000	શૂન્ય
સિલેક્ટ ક્રેડિટ કાર્ડ	3000 (બરગંડી અકાઉન્ટ કાર્ડધારકો માટે શૂન્ય)	3000 (બરગંડી અકાઉન્ટ કાર્ડધારકો માટે શૂન્ય) (પ્રિસીડિંગ કાર્ડ એનવર્સરી યર એટલે કે અગાઉના કાર્ડની વર્ષગાંઠ પર 8 લાખ રૂપિયાના ખર્ચ સામે માફી)	શૂન્ય
એક્સિસ બેન્ક અટલાસ ક્રેડિટ કાર્ડ	5,000	5,000	શૂન્ય
બર્ગન્ડી પ્રાઈવેટ - ધ વન કાર્ડ	50,000 (બર્ગન્ડી પ્રાઇવેટ - ધ વન કાર્ડ બર્ગન્ડી પ્રાઇવેટ ક્લાયન્ટ્સ માટે મફત છે. બર્ગન્ડી પ્રાઇવેટ સ્ટેટસ બંધ થવાના કિસ્સામાં, તમારા બર્ગન્ડી પ્રાઇવેટ - ધ વન કાર્ડને તમારા	50,000 (બર્ગન્ડી પ્રાઇવેટ - ધ વન કાર્ડ બર્ગન્ડી પ્રાઇવેટ ક્લાયન્ટ્સ માટે મફત છે. બર્ગન્ડી પ્રાઇવેટ સ્ટેટસ બંધ થવાના કિસ્સામાં, તમારા બર્ગન્ડી પ્રાઇવેટ - ધ વન કાર્ડને તમારા	શૂન્ય

	ડાઉનગ્રેડ કરેલા બચત ખાતાને અનુરૂપ મફત ક્રેડિટ કાર્ડમાં રૂપાંતરિત કરવામાં આવશે.)	ડાઉનગ્રેડ કરેલા બચત ખાતાને અનુરૂપ મફત ક્રેડિટ કાર્ડમાં રૂપાંતરિત કરવામાં આવશે.)	
રિઝર્વ ક્રેડિટ કાર્ડ	50,000	50,000 (પ્રીસિડિંગ કાર્ડ એનવર્સરી ચરમાં રૂપિયા 35,00,000 લાખના લાયક ખર્ચ પર માફી અપાશે)*	શૂન્ય
મેગ્નસ ક્રેડિટ કાર્ડ	12,500	12,500 (પ્રીસિડિંગ કાર્ડ એનવર્સરી ચરમાં રૂપિયા 25,00,000 લાખના લાયક ખર્ચ પર માફી અપાશે)*	શૂન્ય
મેગ્નસ ફોર બરગંડી ક્રેડિટ કાર્ડ#	30,000#	30,000# (પ્રીસિડિંગ કાર્ડ એનવર્સરી ચરમાં રૂપિયા 30,00,000 લાખના લાયક ખર્ચ પર માફી અપાશે)*	શૂન્ય#
એક્સિસ બેંક વિસ્તારા ઈન્ફિનિટ ક્રેડિટ કાર્ડ	10,000	10,000	શૂન્ય
એક્સિસ બેંક વિસ્તારા	3,000	3,000	શૂન્ય

સિગ્નેચર ક્રેડિટ કાર્ડ			
એક્સિસ બેંક વિસ્તારા ક્રેડિટ કાર્ડ	1,500	1,500	શૂન્ય
પ્રિવિલેઝ ક્રેડિડ કાર્ડ	1,500	1500 (પ્રિસીડિંગ કાર્ડ એનવર્સરી યર એટલે કે અગાઉના કાર્ડની વર્ષગાંઠ પર 5 લાખ રૂપિયાના ખર્ચ સામે માફી)	શૂન્ય
માઈલ્સ એન્ડ મોર એક્સિસ બેંક વર્લ્ડ સિલેક્ટ ક્રેડિટકાર્ડ	10,000	4,500	શૂન્ય
માઈલ્સ એન્ડ મોર એક્સિસ બેંક વર્લ્ડ ક્રેડિટ કાર્ડ	3,500	3,500	શૂન્ય
નીઓ ક્રેડિટ કાર્ડ	250	250	શૂન્ય
ઔરા ક્રેડિટ કાર્ડ	749	749	શૂન્ય
એલઆઈસી ક્રેડિટ કાર્ડ	શૂન્ય	શૂન્ય	શૂન્ય
સિગ્નેચર ક્રેડિટ કાર્ડ મુસાફરીના લાભો સાથે	1,500	1,000 (પ્રીસિડિંગ કાર્ડ એનવર્સી યરમાં 2.4 લાખ રૂપિયાના	શૂન્ય

		ખર્ચની સિદ્ધી પ્રાપ્ત કરવા પર માફી અપાશે)	
માય વિન્ગ્સ ક્રેડિટ કાર્ડ	1,200	500	શૂન્ય
માય ચોઈસ ક્રેડિટ કાર્ડ	250 (ઈમેજ કાર્ડ માટે ફી વધારાના 150 રપિયા છે.)	250	શૂન્ય
માય ઝોન ક્રેડિટ કાર્ડ	500	500	શૂન્ય
પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ	રૂ. 500 (કાર્ડ સેટ અપના 45 દિવસમાં 5,000 રૂપિયાના ખર્ચ પર માફી અપાશે)	200 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 1,00,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય
ટાઈટેનિયમ ક્રેડિટ કાર્ડ	રૂ. 250 (કાર્ડ સેટ અપના 45 દિવસમાં 2,500 રૂપિયાના ખર્ચ પર માફી અપાશે)	100 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 50,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય
પ્રાઈડ પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ	શૂન્ય	250 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 20,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય

પ્રાઈડ સિગ્નેચર ક્રેડિટ કાર્ડ	શૂન્ય	500 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 40,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે)	શૂન્ય
રીવોર્ડ ક્રેડિટ કાર્ડ	1000	1,000 (આગલા વર્ષના કાર્ડની વર્ષગાંઠ પર 2,00,000 રૂપિયાના ખર્ચ સામે માફી અપાશે*) *એક્સિસ બેંક રિવોર્ડ કાર્ડ મટે અરજી કરનારા અને જેઓને કાર્ડ ઈસ્યુ થયુ છે તેવા ગ્રાહકોને 1 માર્ચ 2023 ના દિવસે કે તે પછીના સમય માટે લાગુ થશે.	શૂન્ય
ક્વિક ક્રેડિટ કાર્ડ	શૂન્ય	શૂન્ય	શૂન્ય
ફાઈબ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ	શૂન્ય	શૂન્ય	શૂન્ય
એક્સિસ બેંક ઈઝી ગોલ્ડ-સેલરાઈડ એન્ડ એક્સિસ બેંક ઈઝી ગોલ્ડ ક્રેડિટ કાર્ડ-સેલ્ફ ઈમ્પ્લોય્ડ	શૂન્ય	100	શૂન્ય

એક્સિસ બેંક શોપર્સ સ્ટોપ ક્રેડિટ કાર્ડ	500	500 (પાછલા વર્ષમાં 1,00,000 રૂપિયાના ખર્ચ પર માફી અપાશે)	શૂન્ય
ઈન્ડિયન ઓઇલ એક્સિસ બેંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ	1,000	1,000 (પાછલા વર્ષમાં 30,000 રૂપિયાના ખર્ચ પર માફી અપાશે)	શૂન્ય
એક્સિસ બેંક હોરિઝોન ક્રેડિટ કાર્ડ	3,000	3,000	શૂન્ય
એક્સિસ બેંક કેશબેક ક્રેડિટ કાર્ડ	1,000	1,000 (પ્રીસિડિંગ કાર્ડ એનવર્સરી ચરમાં રૂપિયા 4,00,000 લાખના લાચક ખર્ચ પર માફી અપાશે) હાલના કેશબેક ક્રેડિટ કાર્ડ ગ્રાહકો માટે આ માફી લાગુ નહીં થાય અને ફી ઓનબોર્ડિંગ પર જણાવવામા આવશે.	શૂન્ય
આઇક્યા ફેમિલી ક્રેડિટ કાર્ડ બાય એક્સિસ બેંક	શૂન્ય	શૂન્ય	શૂન્ય
એક્સિસ બેંક ઓલીમ્પસ ક્રેડિટ કાર્ડ	20,000	20,000	શૂન્ય

એક્સિસ બેંક પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ	5,00,000 (31 જુલાઈ 2024 બાદ ઈસ્યુ થયેલા કાર્ડસ માટે) 1,80,000 (31 જુલાઈ 2024 સુધી ઈસ્યુ થયેલા કાર્ડ્સ માટે)	3,00,000 (31 જુલાઈ 2024 બાદ ઈસ્યુ થયેલા કાર્ડસ માટે) 1,80,000 (31 જુલાઈ 2024 સુધી ઈસ્યુ થયેલા કાર્ડ્સ માટે)	1 કાર્ડ વિનામૂલ્યે કે ભેટરૂપે આગળ જોડવામા આવનાર દરેક એડઓન કાર્ડ માટે (4000 સુધી) 25,000 (31 જુલાઈ 2024 બાદ ઈસ્યુ થયેલા કાર્ડસ માટે) 15,000 (31 જુલાઈ 2024 સુધી ઈસ્યુ થયેલા કાર્ડ્સ માટે)
એક્સિસ બેંક સુપરમની રૂપે ક્રેડિટ કાર્ડ	શૂન્ય	શૂન્ય	શૂન્ય
ગુગલ પે ફ્લેક્સ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ	શૂન્ય	શૂન્ય	શૂન્ય
ઇન્ડિગો એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ	799	799	શૂન્ય
ઇન્ડિગો એક્સિસ બેંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ	5,000	5,000	શૂન્ય

બેંક વખતોવખત પ્રમોશનલ ઓફર્સ ચલાવવાનું પસંદ કરી શકે છે, આવી ઓફર્સ અરજી સમયે જણાવવામાં આવેલા પ્રમોશનલ નિયમો અને શરતો દ્વારા સંચાલિત થશે.

*રિઝર્વ, મેગ્નસ અને મેગ્નસ ફોર બર્ગાન્ડી ક્રેડિટ કાર્ડ , 1 સપ્ટેમ્બર 2023 થી અમલમાં, એન્યુઅલ ફી રિવર્સલ માટે થ્રેશોલ્ડ પર ખર્ચ હશે નીચેની શ્રેણીઓ હેઠળ આવતા વેપારી

શ્રેણી કોડ દ્વારા ઓળખાતા વ્યવહારોને બાકાત રાખો : ભાડું, વૉલેટ, યુટિલિટીઝ, સરકારી સંસ્થાઓ, EMI કન્વર્ઝન્સર, રોકડ ઉપાડ, રિવર્સલ્સ અને ફી તથા ચાર્જિસ.

વધુમાં, 20 મી એપ્રિલ 2024 થી અમલમાં આવતા, એન્યુઅલ ફી રિવર્સલ માટે કરવામાં આવેલ ખર્ચ થ્રેશોલ્ડ નીચેની શ્રેણીઓ હેઠળ આવતા મર્ચન્ટ કેટેગરી કોડસ દ્વારા ઓળખવામાં આવેલા વ્યવહારોને પણ બાકાત રાખશે : ઇન્શ્યોરન્સ, ગોલ્ડ અને ફ્યુઅલ (વીમો, સોનું અને ઇંધણ).

#વ્યક્તિગત બરગંડી રીલેશનશિપ નિભાવતા કે જાળવી રાખતા બરગંડી ગ્રાહકો માટે જ લાગુ પડે છે. વધુ માહિતી માટે http://www.axis.bank.in/magnus. જો બરગંડી ટોટલ રિલેશનશિપ વેલ્યુ માપદંડ ગ્રાહકો દ્વારા ન જાળવવામા આવ્યા હોય તો મેગ્નસ ક્રેડિટ કાર્ડ ફોર બરગંડી માટે અરજી કરતા આ સાથે તમે બેંકની મેગ્નસ ક્રેડિટ કાર્ડ ફોર બરંગડીને નવા મેગ્નસ ક્રેડિટ કાર્ડ સાથે રિપ્લેસ કે તબદીલ કરવા માટેની પોલિસી લાગુ થવા બાબતે પણ સહમત થાવ છો. ન્યુ મેગ્નસ ક્રેડિટ કાર્ડ માટે 12500++ રૂપિયા જોઈનિંગ અને વાર્ષિક ફી લાગુ પડશે.

ફાઈનાન્સ/ઈન્ટરેસ્ટ ચાર્જ (20 ડિસેમ્બર 2024 થી લાગુ)

એક્સિસ બેંક કાર્ડનો પ્રકાર	વધારવામા આવેલી ક્રેડિટ પર વધી ગયેલુ કે ચડી ગયેલુ વ્યાજ		એડવાન્સ રોકડ પર વ્યાજ	
	માસિક દર	વાર્ષિક દર	માસિક દર	વાર્ષિક દર
બરંગડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ	1.5% પ્રતિ માસ	19.56% પ્રતિ વર્ષ	1.5% પ્રતિ માસ	19.56% પ્રતિ વર્ષ
પ્રાઈટ પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ, પ્રાઈટ સિગ્નેચર ક્રેડિટ કાર્ડ	3.75% પ્રતિ માસ	55.55% પ્રતિ વર્ષ	3.75% પ્રતિ માસ	55.55% પ્રતિ વર્ષ
પ્રિવિલેઝ ક્રેડિડ કાર્ડ/ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેન્ક અટલાસ ક્રેડિટ કાર્ડ/ માઈલ્સ એન્ડ મોર એક્સિસ બેંક વર્લ્ડ સિલેક્ટ કાર્ડ/ માઈલ્સ એન્ડ મોર એક્સિસ બેંક વર્લ્ડ કાર્ડ/ માય ઝોન ક્રેડિટ કાર્ડ/ માય ચોઈસ ક્રેડિટ કાર્ડ/ માય વિન્ગસ ક્રેડિટ કાર્ડ/	3.75% પ્રતિ માસ	55.55% પ્રતિ વર્ષ	3.75% પ્રતિ માસ	55.55% પ્રતિ વર્ષ

એક્સિસ બેંક વિસ્તારા સિગ્નેચર ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેંક વિસ્તારા ક્રેડિટ કાર્ડ/ પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ/ ટાઈટેનિયમ ક્રેડિટ કાર્ડ/ નીઓ ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેંક બઝ ક્રેડિટ કાર્ડ/ વિઝા ગોલ્ડ ક્રેડિટ કાર્ડ/ વિઝા સિલ્વર ક્રેડિટ કાર્ડ/ ઈન્ડિયન ઓઈલ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ/ ઔરા ક્રેડિટ કાર્ડ/ એલઆઈસી ક્રેડિટ કાર્ડ/ રીવોર્ડ ક્રેડિટ કાર્ડ/ ક્વિક ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેંક શોપર્સ સ્ટોપ ક્રેડિડ કાર્ડ/ ઈન્ડિયન ઓઈલ એક્સિસ બેંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેંક હોરિઝોન ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેંક કેશબેક ક્રેડિટ કાર્ડ/				
રિઝર્વ ક્રેડિટ કાર્ડ / મેગ્નસ ક્રેડિટ કાર્ડ મેગ્નસ ફોર બરગંડી ક્રેડિટ કાર્ડ ઓલીમ્પ્સ ક્રેડિટ કાર્ડ	3.0% પ્રતિ માસ	42.58% પ્રતિ વર્ષ	3.0% પ્રતિ માસ	42.58% પ્રતિ વર્ષ
ફ્લિપકાર્ટ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ/ ફ્લિપકાર્ટ એક્સિસ બેંક સુપર એલાઈટ ક્રેડિટકાર્ડ એક્સિસ એક્સિસ બેંક / ફ્રીચાર્જ ક્રેડિટકાર્ડ/ એક્સિસ બેંક ફ્રીચાર્જ પ્લસ ક્રેડિટ કાર્ડ/ એસ ક્રેડિટ કાર્ડ/ એરટેલ એક્સિસ બેંક ક્રેડિટકાર્ડ/	3.75% પ્રતિ માસ	55.55% પ્રતિ વર્ષ	3.75% પ્રતિ માસ	55.55% પ્રતિ વર્ષ

સ્પાઈસજેટ એક્સિસ બેંક વોયાગ ક્રેડિટકાર્ડ/ સ્પાઈસજેટ એક્સિસ બેંક વોયાગ બ્લેક ક્રેડિટકાર્ડ/ સેમસંગ એક્સિસ બેંક સિગ્નેચર ક્રેડિટકાર્ડ/સેમસંગ એક્સિસ બેંક ઇન્ફિનિટ ક્રેડિટકાર્ડ/ ફાઈબ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ/ આઈક્યા ફેમિલી ક્રેડિટ કાર્ડ ઍક્સિસ બેંક દ્વારા સુપરમની રૂપે ક્રેડિટ કાર્ડ / ગૂગલ પે ફ્લૅક્સ ઍક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ / ઇન્ડિગો ઍક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ / ઇન્ડિગો ઍક્સિસ બેંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ / અન્ય તમામ ક્રેડિટ કાર્ડ				
સિક્યોર્ડ ગોલ્ડ ક્રેડિટ કાર્ડ/ સિક્યોર્ડ સિલ્વર ક્રેડિટ કાર્ડ / પ્લેટિનમ સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ/ ઈન્સ્ટા ઈઝી ક્રેડિટ કાર્ડ/ માય ઝોન ઈઝી ક્રેડિટ કાર્ડ/ પ્રીવીલેઝ ઈઝી ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેંક ફ્લિપકાર્ટ સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ/ ઈન્ડિયન ઓઈલ એક્સિસ બેંક ઈઝી ક્રેડિટ કાર્ડ/ એક્સિસ બેંક ઈઝી ગોલ્ડ-સેલરાઈડ એન્ડ એક્સિસ બેંક ઈઝી ગોલ્ડ ક્રેડિટ કાર્ડ-સેલ્ફ ઈમ્પ્લોય્ડ	3.4% પ્રતિ માસ	49.36% પ્રતિ વર્ષ	3.4% પ્રતિ માસ	49.36% પ્રતિ વર્ષ
એક્સિસ બેંક પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ	1% પ્રતિ માસ	12.68% પ્રતિ વર્ષ	1% પ્રતિ માસ	12.68% પ્રતિ વર્ષ

1) ફાઈનાન્સ ઈન્ટરેસ્ટ શુલ્ક વિગત

- જો કાર્ડ સભ્ય નિયત તારીખ સુધીમાં અગાઉના બિલની સંપૂર્ણ ચુકવણી નહીં કરે તો વ્યાજ વસૂલવામાં આવશે. વ્યવહારની તારીખથી લેણાંની સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધી વ્યાજ વસૂલવામાં આવશે.
- જો કાર્ડ મેમ્બર રીવોલ્વિંગ ક્રેડિટ ફેસિલિટી (પાછળની બાકી ચુકવણીને આગળના બિલમાં લઈ જવી)નો ઉપયોગ કરે છે તો પાછળના સ્ટેટમેન્ટની નહીં ચુકવાયેલ રકમ અને નવું ટ્રાન્ઝેકશન (ક્રેડિટ કાર્ડ પરના અન્ય કોઈ પણ લોન ઈએમઆઈ સાથે) કુલ બાકી રકમની સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધી વ્યાજ વધશે.
- તમામ એડવાન્સ રોકડ ઉપાડવા પર રોકડ ઉપાડની તારીખથી ચુકવણીની તારીખ સુધી વ્યાજ લાગુ થશે.
- વ્યાજ ફી, ચાર્જીસ અને જીએસટી પર લાગુ થશે નહીં. વ્યાજ ગ્રાહક દ્વારા કરવામા આવતી ખરીદીના ખર્ચ કે ટ્રાન્ઝેકશન પર અને લાગુ થયેલ કે વસુલવામા આવેલ વ્યાજ થતા ઈએમઆઈ પર લાગશે.
- ઉપર મુજબના ફાઇનાન્સ ચાર્જિસ (નાણાકીય શુલ્ક) ચુકવણીની તારીખ સુધી લાગુ રહેશે, જેમાં ચુકવણીની તારીખનો સમાવેશ થાય છે.

2) અન્ય ફી અને ચાર્જીસ

રોકડ ઉપાડ ફી**	રોકડ રકમના 2.5% (ઓછામા ઓછા 500 રૂપિયા) 2% (લઘુત્તમ 300 રૂપિયા) રોકડ રકમના, ઓલીમ્પ્સ ક્રેડિટ કાર્ડ માટે બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ, રિઝર્વ ક્રેડિટ કાર્ડ, મેગ્નસ ક્રેડિટ કાર્ડ અને મેગ્નસ ફર બરંગડી ક્રેડિટ કાર્ડ અને પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ માટે માફી આપવામા આવશે.
બ્રાંચ ખાતે રોકડ ચુકવણી માટે ફી (રોજની રોકડ ચુકવણી મર્યાદા 50,000 રૂપિયા)	રૂપિયા 175; બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ અને ઈન્સ્ટા ઈઝી ક્રેડિટ કાર્ડ તેમજ પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ પર માફી અપાશે.
ડુપ્લિકેટ સ્ટેટમેન્ટ ફી	માફી અપાઈ

Axis Bank|Public

બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ અને પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ માટે લેટ પેમેન્ટ ફી	માફી અપાઈ
ઓલિમ્પ્સ ક્રેડિટ કાર્ડ માટે લેટ પેમેન્ટ ફી	જો 2000 રૂપિયાથી વધુ રકમની બાકી ચુકવણી હશે તો 100 રૂપિયા
અન્ય તમામ ક્રેડિટ કાર્ડસ માટે લેટ પેમેન્ટ ફી	જો બાકી રકમની ચુકવણી 500 રૂપિયા સુધી હશે તો શૂન્ય
	જો ચુકવવાની થતી કુલ બાકી રકમ 501 રૂ.થી 5,000 રૂ. વચ્ચે હશે તો 500 રૂપિયા
	જો ચુકવવાની થતી કુલ બાકી રકમ 750 રૂ.થી 5,001 રૂ. વચ્ચે હશે તો 10,000 રૂપિયા
	જો 10,000 રૂપિયાથી વધુ રકમની બાકી ચુકવણી હશે તો 1,200 રૂપિયા
અન્ય તમામ ક્રેડિટ કાર્ડ માટે રિકરિંગ લેટ પેમેન્ટ ફી	સળંગ બે સાયકલ માટે લઘુત્તમ બાકી રકમની ચુકવણી જો નહીં થાય અને એક પેમેન્ટ કે રકમની ચુકવણી મિસ થશે તો વધારાના 100 રૂપિયા લાગુ થશે. લઘુત્તમ બાકી રકમની ચુકવણી જ્યાં સુધી નહીં થાય કે પતાવટ નહીં થાય ત્યાં સુધી આ ચાર્જ દરેક પેમેન્ટ સાયકલમાં લાગુ થશે.
ઓવર લિમિટ પેનલ્ટી કે *** અન્ય એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડસ માટે	ઓવર લિમિટ એટલે કે મર્યાદા કરતા વધુ રકમના 2.5 % (જેમાં વ્યાજ, ફી, ચાર્જીસ અને ટેક્સીસ બાકાત) લઘુત્તમ 500 રૂપિયાને આધીન બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ, પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ માટે માફી અપાશે.
ચાર્જ સ્લિપ રીટ્રાઈવલ ફી અથવા કોપી રીક્વેસ્ટ ફી	માફી અપાઈ
આઉટસ્ટેશન ચેક ફી	માફી અપાઈ
ચેક રીટર્ન અથવા અપુરતા બેલેન્સ સામે બેંક દ્વારા કરાયેલી રીટર્ન પેમેન્ટ ફી અથવા ઓટો ડેબિટ રીવર્સલ અથવા સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન અથવા નાચ પેમેન્ટ ફેલ્યોર બેંક એકા ઉન્ટમાં ફંડ ન હોય તેવા કિસ્સામાં	ચુકવણી થયેલી રકમના 2% અને જે લુંઘત્તમ 500 રૂપિયાને આધીન રહેશે. બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ, પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ માટે માફી અપાશે. રૂપિયા 350 ઓલીમ્પ્સ ક્રેડિટ કાર્ડ માટે
રેલવે ટીકિટની ખરીદી કરવા પર કે રદ કરવા પર સરચાર્જ	આઈઆરસીટીસી કે ઈન્ડિયન રેલવે દ્વારા નિર્ધારિત કર્યા મુજબ

ફ્યુઅલ ટ્રાન્ઝેકશન સરચાર્જ	ટ્રાન્ઝેક્શન એમાઉન્ટના 1% (ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન્સ માટે રિફંડ INR 400 થી 4,000 ની વચ્ચે. સ્ટેટમેન્ટ સાયકલ દીઠ મહત્તમ INR 400 સુધીના લાભો; ઍક્સિસ બેંક સુપરમની RuPay ક્રેડિટ કાર્ડ, ACE ક્રેડિટ કાર્ડ માટે INR 500 સુધી; ઍક્સિસ બેંક માય ઝોન ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક માય ઝોન ઇઝી ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક માય ઝોન ઇન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક પ્રાઇડ સિગ્નેચર કાર્ડ, ફાઇબ ઍક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ, સેમસંગ ઍક્સિસ બેંક સિગ્નેચર ક્રેડિટ કાર્ડ અને એરટેલ ઍક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ; પ્રાઇડ પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ માટે INR 250 સુધી ફક્ત ઍક્સિસ બેંક દ્વારા. માઇલ્સ એન્ડ મોર ઍક્સિસ બેંક વર્લ્ડ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ, માઇલ્સ એન્ડ મોર ઍક્સિસ બેંક વર્લ્ડ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ, માય ચોઇસ ક્રેડિટ કાર્ડ, NEO ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક બઝ ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક વિસ્તારા ક્રેડિટ કાર્ડ અને ઍક્સિસ બેંક વિસ્તારા સિગ્નેચર પર રિફંડ લાગુ પડતું નથી. ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક ફ્રી ચાર્જ ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક ફ્રી ચાર્જ પ્લસ ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક કેશબેક ક્રેડિટ કાર્ડ); ટ્રાન્ઝેક્શન એમાઉન્ટના 1% (INR 400 થી INR 5,000 ની વચ્ચેના ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન્સ માટે રિફંડ. સેમસંગ ઍક્સિસ બેંક ઇન્ફિનિટ ક્રેડિટ કાર્ડ ઓલિમ્પસ ક્રેડિટ કાર્ડ માટે સ્ટેટમેન્ટ સાયકલ દીઠ INR 500 સુધીના મહત્તમ લાભો);

	ટ્રાન્ઝેક્શન એમાઉન્ટના 1% (INR 400 થી INR 5,000 ની વચ્ચેનાફ્યુઅલ ટ્રાન્ઝેક્શન્સ માટે રિફંડ. રિવૉર્ડ્સ ક્રેડિટ કાર્ડ, ઍક્સિસ બેંક શૉપર્સ સ્ટૉપ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક હોરિઝન ક્રેડિટ કાર્ડ માટે સ્ટેટમેન્ટ સાયકલ દીઠ INR 400 સુધીના મહત્તમ લાભો) ટ્રાન્ઝેક્શન એમાઉન્ટના 1% (પ્રાઇમસ ક્રેડિટ કાર્ડ માટે સ્ટેટમેન્ટ સાયકલ દીઠ INR 400 થી INR 10,000 વચ્ચેના ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન્સ માટે રિફંડ) ઇન્ડિયન ઑઇલ ઍક્સિસ બેંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડધારકો ટ્રાન્ઝેક્શન એમાઉન્ટના 1% માટે પાત્ર છે. (ફક્ત અધિકૃત ઇન્ડિયન ઑઇલ આઉટલેટ્સ પર) **આ બાબત ધ્યાને લેવા વિનંતી** • ફ્યુઅલ ટ્રાન્ઝેકશન (પેટ્રોલ-ડિઝલ ભરાવવા પર) પર ફ્યુઅલ સરચાર્જ કાર્ડ ઈસ્યુ કરનારી બેંક દ્વારા વસલુવામા આવતો નથી. • ચોક્કસ ફ્યુઅલ ટ્રાન્ઝેકશન પર ફ્યુઅલ સરચાર્જ 1 ટકા જીએસટીને બદલે 10 રૂપિયા વત્તા જીએસટી વસુલવામા આવી શકે છે. ગ્રાહકને આપવામા આવતી ઇંધણ સરચાર્જ (ફ્યુઅલ સરચાર્જ) માફી ક્રિડેટ કાર્ડ પરના સંબંધિત મૂલ્ય દરખાસ્ત કે ફિચર્સ (સુવિધાઓ) મુજબ રહેશે, પછી ભલે તે સરચાર્જ ગમે તે હોય કે ગમે તેટલો લાગુ થયો હોય. • ફ્યુઅલ ચરચાર્જ (પેટ્રોલ-ડિઝલ પર લાગેલ) જો કોઈ હોય તો તેના પર લાગેલ ટેક્સ માફ કરવામા નહીં આવે અને તે કાર્ડધારકે ભોગવવાનો રહેશે.
	રીડમ્પ્શન કે વળતર માટેના ટ્રાન્ઝેકશનમાં પ્રતિ ટ્રાન્ઝેકશન 99 રૂપિયા

એડ્જ રીવોર્ડ પોઇન્ટ્સ રીડમ્પ્શન ફી	બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ પ્રાયોરિટી પ્લેટિનમ ડેબિટ કાર્ડ, બરગંડી ડેબિટ કાર્ડ, બરગંડી પ્રાઈવેટ ડેબિટ કાર્ડ, રૂપે પ્લેટિનમ એનઆરઓ ડેબિટ કાર્ડ, બરગંડી એનઆરઓ ડેબિટ કાર્ડ અથવા બરગંડી પ્રાઈવેટ એનઆરઓ ડેબિડ કાર્ડ, અથવા બરગંડી પ્રાઈવેટ એનઆરઓ ડેબિટ કાર્ડ, ઈન્ડિયન ઓઈલ એક્સિસ બેંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક હોરિઝોન ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક રીવોર્ડ્સ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક કેશબેક ક્રેડિટ કાર્ડ, આઈક્યા ફેમિલી ક્રેડિટ કાર્ડ બાય એક્સિસ બેંક, એક્સિસ બેંક ઓલીમ્પ્સ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ ધરાવતા કાર્ડધારકોને માફી મળશે.
એડ્જ માઇલ્સ પોઇન્ટ્સ રીડમ્પ્શન ફી	રૂ. 199 પ્રતિ રીડેમ્પ્શન ટ્રાન્ઝેક્શન - એડ્જ પોઇન્ટ્સ/માઇલ્સને અન્ય માઇલ્સ પાર્ટનરમાં કન્વર્ઝન અથવા ટ્રાન્સફર કરવા માટે. બરગંડી પ્રાઈવેટ એનઆરઓ ડેબિટ કાર્ડ, ઈન્ડિયન ઓઈલ એક્સિસ બેંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક હોરિઝોન ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક રીવોર્ડ્સ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક કેશબેક ક્રેડિટ કાર્ડ, આઈક્યા ફેમિલી ક્રેડિટ કાર્ડ બાય એક્સિસ બેંક, એક્સિસ બેંક ઓલીમ્પ્સ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક પ્રાઈમસ ક્રેડિટ કાર્ડ ધરાવતા કાર્ડધારકોને માફી મળશે.
ફોરેન કરન્સી ટ્રાન્ઝેકશન ફી[1]	મેગ્નસ ક્રેડિટ કાર્ડ અને મેગ્નસ ફોર બરગંડી ક્રેડિટ કાર્ડ માટે ટ્રાન્ઝેકશન રકમના 2%, ઓલીમ્પ્સ ક્રેડિટ કાર્ડ માટે ટ્રાન્ઝેકશન રકમના 1.8%, રીઝર્વ ક્રેડિટ કાર્ડ માટે ટ્રાન્ઝેકશન રકમના 1.5 %,

	બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ માટે શૂન્ય, ઇન્ડિગો ઍક્સિસ બૅંક પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ માટે ટ્રાન્ઝેક્શન વેલ્યુના 2.50% અન્ય તમામ ક્રેડિટ કાર્ડ માટે ટ્રાન્ઝેકશન રકમના 3.50%, પ્રાઇમસ ક્રેડિટ કાર્ડ માટે માફ રહેશે.
ડાયનેમિક કરન્સી કન્વર્ઝન માર્કઅપ[2]	આંતરરાષ્ટ્રીય સ્થળોએ કે વિદેશમાં ક્યાંય પણ ભારતીય ચલણ દ્વારા કરવામા આવેલા ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન અથવા ભારતમાં આવેલા પરંતુ વિદેશમાં નોંધાયેલા હોય તેવા વેપારીઓ પાસેથી ખરીદીના કોઈ પણ ભારતીય ચલણના ટ્રાન્ઝેકશન પર 1.5 % વત્તા ટેક્સ લાગુ થશે. બરગંડી પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ, ઓલીમ્પ્સ ક્રેડિટ કાર્ડ, પ્રાઇમસ ક્રેડિટ કાર્ડ માટે શૂન્ય
રેન્ટ કે ભાડા સંબંધિત ટ્રાન્ઝેકશન ની ફી[3]	દરેક ભાડારૂપી વ્યવહાર એટલે કે રેન્ટલ ટ્રાન્ઝેકશન પર 1 % ફી લાગુ થશે. ભારત સરકાર દ્વારા નોંધાયેલા નિયમો મુજબ ટેક્સ લાગુ પડશે. ઓલીમ્પસ ક્રેડિટ કાર્ડ અને પ્રાયમસ ક્રેડિટ કાર્ડ માટે શૂન્ય
વોલેટમાં નાણાં ઉમેરવા કે વોલેટ ભરવા માટેની ટ્રાન્ઝેકન ફી[4] (20 ડિસેમ્બર 2024 થી લાગુ)	પ્રતિ સ્ટેટમેન્ટ સાયકલમાં 10 હજાર રૂપિયા કે તેથી વધુની રકમના સંચિત ફુયઅલ ખર્ચ ટ્રાન્ઝેકશન પર 1 % ફી લાગુ થશે.
ફ્યુઅલ ટ્રાન્ઝેકશન ફી[5] (20 ડિસેમ્બર 2024થી લાગુ)	પ્રતિ સ્ટેટમેન્ટ સાયકલમાં 50 હજાર રૂપિયા કે તેથી વધુની રકમના સંચિત ફુયઅલ ખર્ચ ટ્રાન્ઝેકશન પર 1 % ફી લાગુ થશે.

એજ્યુકેશન ટ્રાન્ઝકેશન ફી[6] (20 ડિસેમ્બર 2024થી લાગુ)	ગ્રાહિત એપ્લિકેશન એટલે કે થર્ડ પાર્ટી એપ્લિકેશન દ્વારા એજ્યુકેશન સંબંધિત કોઈ પણ ચુકવણીના પ્રતિ ટ્રાન્ઝેકશન પર 1 % ફી લાગુ થશે.
ઉપયોગમાં લેવાતી વસ્તુઓની ખરીદી માટેના ખર્ચ-ટ્રાન્ઝેકશન માટેની ફી[7] (20 ડિસેમ્બર 2024 થી લાગુ)	પ્રતિ સ્ટેટમેન્ટ સાયકલમાં ઉપયોગની વસ્તુઓ પર 25,000 રૂ. કે તેથી વધુના સંચિત ખર્ચ પર 1 % ફી લાગુ થશે.
ઓનલાઈન સ્કીલ આધારીત ગેમિંગમાં ટ્રાન્ઝેકશન ફી[8] (20 ડિસેમ્બર 2024 થી લાગુ)	સ્ટેટમેન્ટમાં રૂ. 10 હજાર કે તેથી વધુના સ્કિલ બેઝ ગેમિંગ પ્લેટફોર્મ પરના સંચિત ખર્ચ માટે 1 % ફી લાગુ થશે.
ટ્રાન્ઝેકશન કે વ્યવહારો માટે મોબાઈલ એલર્ટ્સ	માફી અપાઈ
હોટ લિસ્ટિંગ ચાર્જીસ	માફી અપાઈ
જમા રકમની પુછપરછ માટેના ચાર્જ	માફી અપાઈ
બદલી (રીપ્લેસમેન્ટ) માટેની ફી	માફી અપાઈ

નોંધ: i) ભારત સરકાર દ્વારા નિમયિત કરાયેલ જીએસટી તમામ ફી, વ્યાજ અને અન્ય ચાર્જીસ પર લાગુ થશે અને ભારત સરકારના જે તે સમયના સુધારા કે ફેરફારને આધીન રહેશે.

ii) સમય સમય પર અન્ય ચાર્જીસ કે ફી સંબંધે ફેરફાર કે બદલવા માટે તેમજ જરૂરીયાતને અનુરૂપ નવા ચાર્જીસ કે ફી દાખળ કરવા અથવા રજૂ કરવા બેંક પોતાની પાસે અધિકાર રાખશે. જો કે બેંક દ્વારા ફી કે ચાર્જીસ સંબંધે કોઈ પણ ફેરફાર કે વધારા-ઘટાડા માટે ગ્રાહકોને એક મહિના પહેલા જાણ કરવામા આવશે.

*__ફીની મોડી ચુકવણી:__ પેમેન્ટ ફીની ચુકવણી સંદર્ભે ડ્યુ ડેટ એટલે કે અંતિમ તારીખ સુધીમાં કાર્ડધારક જો ફી ચુકવવામાં નહીં આવે કે ઓછી ફી ચુકવવામા આવશે તો લેટ પેમેન્ટ ફી વસુલવમા આવશે. લેટ પેમેન્ટ ફી એટલે કે મોડી ચુકવણી માટેના ચાર્જથી બચવા માટે પેમેન્ટની અંતિમ તારીખના દિવસે કે તે પહેલા એક્સિ બેંક કાર્ડ એકાઉન્ટમાં જરૂરી ફંડ જમા રાખવામા આવે.

લેટ પેમેન્ટ ફી એટલે કે મોડા ચુકવણી સંદર્ભે વસુલતો ચાર્જ માત્ર આઉન્ટસ્ટેડન્ડિંગ રકમ પર જ માફ કરવામા આવશે,કુલ રકમ માફ કરવામા નહીં આવે. આઉટસ્ટેન્ડિંગ રકમ એટલે કે જેમાં ચુકવણીની અંતિમ તારીખ પહેલા મળેલ કોઈ પણ ચુકવણીની રકમ ગણાશે.

****રોક ઉપાડ ફી:** કાર્ડધારક ભારત કે ભારતની બહાર વિદેશમાં રોકડ ઉપાડવા માટે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકશે.પરંતુ જેનો આધાર ગ્રાહક દ્વારા ક્રેડિટ કાર્ડની એપ્લિકેશન સમયે પસંદ કરવામા આવેલ વિકલ્પ મુજબ વપરાશ અને જે તે એટીએમમાં

એક્સિસ બેંક ક્રિડેટ કાર્ડની સુસંગતતા ઉપર રાખે છે. ઉપર જણાવ્યા મુજબ ચાર્જીસ આવા ઉપાડ પર ટ્રાન્સઝેકશન ફી વસુલવામા આવશે અને આગામી સ્ટેટમેન્ટમાં કાર્ડધારકને તેનું બિલ મોકલવામા આવશે.

*****ઓવર-લિમિટ ફી:** બેંક કાર્ડધારક દ્વારા કરવામા આવેલા ક્રેડિટ લિમિટથી વધુના અને ઉપરના કેટલાક વ્હવહારોને આંતરિક નીતિ, ટ્રાન્ઝેકશન માટેની એલિજિબિલિટી અને ગ્રાહક પ્રોફાઈલ તેમજ ગ્રાહક સંમતિને ધ્યાને રાખીને મંજૂરી આપી શકે છે. જો બાકી રકમ ક્રેડિટ મર્યાદાથી વધુ હોય તો વધુ લિમિટની રકમના 2.5 % (ઓછામા ઓછા 500 રૂપિયાને આધીન) ની ઓવર લિમિટ ફી વસુલવમાં આવશે. ઓવર લિમિટ ફીની ગણતરી કરવા માટે ક્રેડિટ કાર્ડ પરના વ્યાજ, કોઈ પણ ચાર્જ-ફી અને ટેક્સને ધ્યાને લેવામા આવશે નહીં. બેંક ઓવર લિમિટની સુવિધા મેળવવા માટે બેંક કાર્ડધારક પાસેથી સ્પષ્ટ સંમતિ મેળવશે.

[1]વિદેશી ચલણમાં શુલ્ક: જો કોઈ વ્યવહાર કે ટ્રાન્ઝેકશન ભારતીય રૂપિયા સિવાયના ચલણમાં કરવામા આવે તો તે વ્યવહાર કે ટ્રાન્ઝેકશન ભારતીય રૂપિયામાં રૂપાંતરિત થશે. આ રૂપાંતર એક્સિસ બેંક સાથે વ્યવહાર કે ટ્રાન્ઝેકશનની પતાવટ (સેટલ) થાય તે તારીખે થશે, જે તે તારીખ ન પણ હોઈ શકે જે દિવસે વ્યવહાર કરવામા આવ્યો હતો. જો ટ્રાન્ઝેકશન યુએસ ડોલરમાં ન હોય તો ચાર્જ કરેલી રકમને યુએસ ડોલરમાં રૂપાંતરિત કરીને અને પછી યુએસ ડોલરની રકમને ભારતીય રૂપિયામાં રૂપાંતરીત કરીને રૂપાંતર યુએસ ડોલર દ્વારા કરવામા આવશે. લાગુ કાયદા દ્વારા ચોક્કસ દર જરૂરી ન હોય ત્યાં સુધી ,યુએસ ડોલરથી ભારતીય રૂપિયામાં રૂપાંતર દર વિઝા-માસ્ટર કાર્ડ દ્વારા પુરા પાડવામા આવેલ દર હશે, જેમ કે કેસ હોય, સમાધાન તારીખે, આવા વ્યહારો પર કરન્સી કન્વર્ઝન ફેકટર મૂલ્યાંકન (હાલમાં 3.50 %) દ્વારા વધારો કરવામા આવે છે.

ગ્રાહક દ્વારા કરવામા આવેલા આવા વિદેશી વ્યવહાર એટલે કે ફોરેન ટ્રાન્ઝેકશનના રિફંડ પર પણ વધારાની 3.5 % ફી લાગુ થશે.

[2]ડાયનેમિક કરન્સી કન્વર્ઝન માર્કઅપ ફી: ડાયનેમિક કરન્સી કન્વર્ઝન સાથે ગ્રાહક ભારતીય ચલણનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝેકશન કરી શકશે એટલે કે વિદેશમાં કોઈ પણ વ્યવહાર કરી શકશે. જો કે તેમ છતાં વિદેશમાં વેપારીને ભારતીય રૂપિયામાં ચુકવણી કરતી વખતે ટ્રાન્ઝેકશનની રકમ પર 1.5 % ડાયનેમિક કરન્સી કન્વર્ઝેશન માર્કઅપ ફી ઉપરાંત ટેક્સ ટ્રાન્ઝેકશનની રકમ પર વસુલવામા આવશે.

[3]**રેન્ટ ટ્રાન્ઝેક્શન ની ફી:** એમસસીસી 6513 દ્વારા ઓળખાયેલા દરેક રેન્ટ પેમેન્ટ (ભાડાની ચુકવણી) પર રેન્ટ સરચાર્જ તરીકે 1% ફી દરેક ટ્રાન્ઝેક્શનની રકમ સામે વસુલવામા આવશે. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા નિયમો મુજબ ટેક્સ વસુલવામા આવશે. ઉદાહરણ મુજબ જો તમે થર્ડ પાર્ટી રેન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ પર એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા 20 હજાર રૂપિયાની ચુકવણી કરો છો તો ટ્રાન્ઝકેશન રકમના 1% જેમ કે 200 રૂપિયા ટેક્સ સાથે સરચાર્જ ફી તરીકે વસુલવામા આવશે. આ દરેક ટ્રાન્ઝેક્શન પર લાગુ થશે.

[4]**વોલેટમાં રૂપિયામાં નાખવાની કે ઉમેરવા માટેની ફી:** એમસીસી 6540 દ્વારા ઓળખાયેલા વોલેટ લોડ ટ્રાન્ઝેક્શન (વોલેટમાં રકમ જમા કરવી) માટે જો સ્ટેટમેન્ટ સાયકલમાં વોલેટ ટ્રાન્ઝેક્શન પર સંચિત ખર્ચ 10 હજાર રૂપિયા કે તેથી વધુ હોય તો 1% સરચાર્જ ફી વસુલવામા આવશે. ભારત સરકાર દ્વારા સૂચિત કરાયેલ કે લાગુ કરાયેલા કર લાગુ પડશે. ઉદહારણ તરીકે સ્ટેટમેન્ટ સાયકલમાં જો તમારા એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા વોલેટ ટ્રાન્ઝેક્શન પર તમારો કુલ ખર્ચ (બધા વ્યવહારોનો સંચિત) 12,000 રૂપિયા છે તો ટ્રાન્ઝેક્શ રકમના 1% એટલે કે 120 રૂપિયા વત્તા કર સરચાર્જ ફી તરીકે વસુલવામા આવશે. જો ચોક્કસ સ્ટેટમેન્ટ સાયકલામા વોલેટ ટ્રાન્ઝેક્શન પર તમારો સંચિત ખર્ચ 9000 રૂપિયા છે તો કોઈ સરચાર્જ ફી વસુલવામા નહીં આવે.

[5]**ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન એટલે કે પેટ્રોલ-ડિઝલમાં ખર્ચ માટેની ફી:** તમારા દ્વારા પ્રતિ સ્ટેટમેન્ટ સાયકલમાં વાહનમાં પેટ્રોલ કે ડીઝલ પુરાવવા માટે જો તમે 50,000 કે તેથી વધુ રૂપિયાનો ખર્ચ થયો હોય તો 1% ફી 50 હજારના સંચિત ખર્ચ પર લાગુ થશે. ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન એમસીસી 5983, 5541 અને 5172 દ્વારા ઓળખવામા આવ્યા છે. ટેક્સ ભારત સરકાર દ્વારા સૂચિત કરાયેલા નિયમો મુજબ લાગ થશે. ઉદાહરણ તરીકે સ્ટેટમેન્ટ સાયકલમાં જો પેટ્રોલ-ડિઝલ પાછળ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા કુલ 50 હજાર રૂપિયાનો ખર્ચ (એક સાથે નહીં પણ જુદાજુદા સમયનો કુલ સંચિત ખર્ચ) થયો હોય તો 1 ટ્રાન્ઝેક્શનના 1% રકમ ઉપરાંત ટેક્સ સરચાર્જ ફી તરીકે વસુલાશે. તેવી જ રીતે, ધારો કે કોઈ ચોક્કસ સ્ટેટમેન્ટ સાયકલમાં ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન્સ પર તમારો સંચિત ખર્ચ 30,000 રૂપિયા છે, તો કોઈ સરચાર્જ વસૂલવામાં આવશે નહીં.

[6]**એજ્યુકેશન ટ્રાન્ઝેક્શન ફી:** એમસીસી 8211, 8220, 8241, 8244,8249 ,8299 દ્વારા ઓળખાયેલા દરેક એજ્યુકેશન પેમેન્ટ ટ્રાન્ઝેક્શન કે જે થર્ડ પાર્ટી એપ્લિકેશન્સ દ્વારા થયુ હોય તો 1% સરચાર્જ ફી ટ્રાન્ઝેક્શન રકમ પર વસુલવામા આવશે. ભારત સરકાર દ્વારા સૂચિત કરાયેલા નિયમો મુજબ ટેક્સ વસુલવામા આવશે. ઉદાહરણ તરીકે જો તમે થર્ડ પાર્ટી

એજ્યુકેશન પેમેન્ટ પ્લેટફોર્મ પર એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા 10 હજાર રૂપિયાની ચુકવણી કરો છો તો 1% ટ્રાન્ઝેકશન ફી એટલે કે 100 રૂપિયા વત્તા ટેક્સ સરચાર્જ ફી તરીકે વસુલાશે. આ દરેક ટ્રાન્ઝેકશન પર લાગુ છે. ચુકવણી અને વ્યવહાર એટલે કે પેમેન્ટ અને ટ્રાન્ઝેકશન સીધું એજ્યુકેશન વેબસાઈટ અથવા તેઓના પીઓએસ મશીન દ્વારા થયુ હશે તો આ ફી વસુલવામા નહીં આવે.

[7]**વપરાશ કે ઉપયોગની વસ્તુઓ માટે થયેલ ખર્ચ કે ટ્રાન્ઝેકશન માટેની ફીઃ** પ્રતિ સ્ટેટમેન્ટ સાયકલમાં વપરાશની વસ્તુઓ માટે થયેલા કુલ 25,000 રૂપિયાના ખર્ચ કે ટ્રાન્ઝેકશન માટે 1% ફી લાગુ થશે. ઉપયોગમાં લેવા માટેની વસ્તુઓ પર ટ્રાન્ઝેકશન 4814, 4899,4900 દ્વારા ઓળખાયેલ છે. ટેક્સ ભારત સરકારના સૂચિત કરમાળખા મુજબ લાગુ થશે. ઉદાહરણ તરીકે જો સ્ટેટમેન્ટ સાયકલમાં તમારા દ્વારા ઉપયોગી વસ્તુઓ પાછળનો ખર્ચ 25,000 એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ મારફતે કરવામા આવ્યો હશે તો 1 % ફી ટ્રાન્ઝેકશન રકમની ગણાશે. જેમ કે 250 રૂપિયા વત્તા ટેક્સ સરચાર્જ ફી તરીકે ગણવામા આવશે. તેવી જ રીતે, ધારો કે કોઈ ચોક્કસ સ્ટેટમેન્ટ સાયકલમાં યુટિલિટી ટ્રાન્ઝેકશન્સ પર તમારો સંચિત ખર્ચ INR 20,000 છે, તો કોઈ સરચાર્જ વસૂલવામાં આવશે નહીં.

[8]**ઓનલાઈન સ્કિલ આધારીત ગેમિંગ ટ્રાન્ઝેકશન ફીઃ** એમસીસી 5816 દ્વારા ઓળખાયેલા ઓનલાઈન સ્કિલ બેઝ ગેમિંગ ટ્રાન્ઝેકશન માટે જો સ્ટેટમેન્ટ સાયકલમાં ટ્રાન્ઝેકશન પરનો સંચિત કુલ ખર્ચ 10 હજાર કે તેથી વધુનો હોય તો 1% સરચાર્જ ફી વસુલવામા આવશે. ભારત સરકાર દ્વારા નોંધાયેલા કે જાહેર કરાયેલા નિયમો મુજબ ટેક્સ લાગુ થશે. ઉદહારણ મુજબ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મમાં થયેલ કુલ ખર્ચ સ્ટેટમેન્ટ સાયકલમાં જો 10 હજાર કે તેથી વધુનો હોય તો ટ્રાન્ઝેકશન રકમના 1% મુજબ 120 રૂપિયા ઉપરાંત ટેક્સ સરચાર્જ ફી તરીકે વસુલવામા આવશે. એ જ રીતે, ધારી લઈએ કે, ચોક્કસ સ્ટેટમેન્ટ સાયકલમાં ઑનલાઇન ગેમિંગ પ્લૅટફૉર્મ પર તમારો સંચિત ખર્ચ INR 8000 છે, તો કોઈ સરચાર્જ વસૂલવામાં આવશે નહીં.

A) વ્યાજની ગણતરી માટે ઉદાહરણ (20 ડેસમ્બર 2024 થી લાગુ)

ગ્રાહક દ્વારા તમામ ટ્રાન્ઝકેશને આગળ લઈ જાય છે અને રીવોલ્વિંગ ફેસિલિટી એટલે કે અગાઉના મહિનામાં બાકી રહેલી રકમ કરતા ઓછી રકમ ચુકવે છે અને બાકીની રકમ આગળના મહિના લઈ જાય છે તો આ સુવિધાનો ઉપયોગ કરતા વ્યાજ વસુલવામા આવે છે. જેને સમજવા માટે નીચે ઉદાહરણ આપેલ છે.

- સ્ટેટમેનટ સાયકલ- દરેક મહિને 12 થી 11 તારીખ

- સ્ટેટમેન્ટ જનરેટ થવાની તારીખ: દરેક મહિને 11 મી તારીખ
- વ્યાજદર: 3.75 % પ્રતિમાસ

સાયકલ 1: 12 માર્ચથી 11 એપ્રિલ
ધારો કે તમે અગાઉના તમામ બાકી ચુકવણા કે બાકી રકમ સંપૂર્ણ રીતે ભરપાઈ કરી દીધુ કે ચુકવી દીધી અને હવે કોઈ પણ આઉટસ્ટેન્ડિંગ બે બાકી રકમ તમારા ક્રેડિટ એકા ઉન્ટમાં રહેતી નથી. માનો કે તમે 500 રૂપિયાની ખરીદી 30 માર્ચના દિવસે કરી અને ત્યારબાદ 4000 રૂપિયા રોકડા 2 એપ્રિલે ઉપાડ્યા છે, તો રૂપિયા 148.19 ના બિલ સાથેનું સ્ટેટમેન્ટ 11 એપ્રિલ જનરેટ થશે કે બનશે.જેમાં ચુકવણીની અંતિમ તારીખ 1 મે રહેશે અને નીચેની વિગતો કે ઘટકોનો તેમાં સમાવેશ રહેશે.

તારીખ	**ટ્રાન્ઝેકશનનો પ્રકાર**	**રકમ (ભારતીય રૂપિયામાં)**	**સમજૂતી કે સ્પષ્ટતા**
30 માર્ચ	ખરીદી	500 ડેબિટ	ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી
2 એપ્રિલ	રોકડ ઉપાડ	4,000 ડેબિટ	ક્રેડિટ કાર્ડ દ્વારા રોકડ ઉપાડ
2 એપ્રિલ	રોકડ એડવાન્સ ફી	500 ડેબિટ	4000* રૂપિયા 2.5 % 100 રૂપિયા કે જે 500 રૂપિયાથી ઓછા
2 એપ્રિલ	રોકડ ફી પર GST	90 ડેબિટ	INR 500*18% = INR 90
11 એપ્રિલ	વ્યાજ	49.32 ડેબિટ	રોકડ ઉપાડ રકમ 4000* રૂપિયા 10 દિવસ* 3.75% વ્યાજ દર* 12 મહિના/365 દિવસ= 49.32 રૂપિયા
11 એપ્રિલ	વ્યાજ પર GST	8.88 ડેબિટ	INR 49.32 *18% = INR 8.88
બંધ થતી સિલક		5,148.19 ડેબિટ	કુલ ચુકવણી બાકી

લઘુત્તમ બાકી રકમ કે ચુકવણી આ સાયકલ માટે રૂપિયા 738.19 રહેશે. લઘુત્તમ બાકી રકમ ગણતરી આ રીતે છે. લઘુત્તમ બાકી રકમ= 2%* (500+4000) +
(500+90+49.32 +8.88) 738.19 રૂપિયા

સાયકલ 2: 12 એપ્રિલ થી 11 મે

ધારો કે નવી ખરીદી 2500 રૂપિયાની 1લી મેના રોજ કરવામા આવી હોય અને લઘુત્તમ બાકી રકમની ચુકવણ 15 એપ્રિલે કરવામા આવી હોય તો સ્ટેટમેન્ટ 11 મેના રોજ જનરેટ થશે એટલે

તમને મળશે. જેમાં ચુકવણીની છેલ્લી તારીખ 31 મે રહેશે . સ્ટેટમેન્ટમાં નીચેની બાબતો કે વિગતોનો સમાવેશ હશે.

તારીખ	**ટ્રાન્ઝેક્શનનો પ્રકાર**	**રકમ (ભારતીય રૂપિયામાં)**	**સમજૂતી કે સ્પષ્ટતા**
ઓપનિંગ બેલેન્સ		5,148.19 ડેબિટ	આગળના સ્ટેટમેન્ટમાંથી ક્લોઝિંગ બેલેન્સ
15 એપ્રિલ	ચુકવણી	738.19 ક્રેડિટ	લઘુત્તમ બાકી રકમ સામે ચુકવણી = રૂ. 738.19
1 મે	ખરીદી	2,500 ડેબિટ	ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી
11 મે	વ્યાજ	205.78 ડેબિટ	રૂ.205.78 માં કેટલા કેટલા રૂપિયા કે ચાર્જ શેનો છે તેની વિગત નીચે આપવામા આવી છે.
11 મે	વ્યાજ પર GST	37.04 ડેબિટ	INR 205.78 *18% = INR 37.04
બંધ થતી સિલક		7,152.81 ડેબિટ	કુલ ચુકવણી બાકી

વસુલવામા આવતા વ્યાજમાં નીચેની વિગતો કે ઘટકોન સમાવેશ થાય છે.

બેલેન્સ (રૂપિયામાં)	**સમયગાળો**	**દિવસોની સંખ્યા**	**ગણતરી**	**વ્યાજ (રૂપિયામા)**
500	30 માર્ચથી 15 એપ્રિલ	17	500*17*3.75%*12/365	10.48
4,000	12 એપ્રિલ 15 એપ્રિલ	4	4,000*4*3.75%*12/365	19.73
2,500	1 મે થી 11 મે	11	2,500*11*3.75%*12/365	33.90
49.32	11 એપ્રિલ 15 એપ્રિલ	5	49.32*5*3.75%*12/365	0.30
4,410	16 એપ્રિલ 11 મે	26	4,410*26*3.75%*12/365	141.36

વ્યાજ વસૂલાયું				205.78

સેકશન ડી Vi) માં વહેંચણી ઓર્ડરને આધીન આંશિક ચુકવણી સામે અગાઉની બાકી રકમ ચુકવી દીધા બાદ જમા રહેલી ખરીદીની રકમ 4410 રૂપિયા છે.

સાયકલ 3: 12 મે થી 11 જુન
ધારો કે 13 મેના રોજ 1000 રૂપિયાની ખરીદી કરવામા આવી છે અને અગાઉની બંધ થયેલી સિલક (કલોઝિંગ બેલેન્સ) 7,152.81 રૂપિયાની સંપૂર્ણ ચુકવણી ચુકવણીની અંતિમ તારીખ પહેલા 25 મેના રોજ પહેલા કરવામા આવી છે. 5000 રૂપિયાની બીજી ખરીદી 31 મેના રોજ કરવામા આવી છે. 11 જુનના રોજ જનરેટ કરાયેલ સ્ટેટમેન્ટમાં નીચેના ઘટકો કે વિગતોનો સમાવેસ થશે.

તારીખ	**ટ્રાન્ઝેકશનનો પ્રકાર**	**રકમ (ભારતીય રૂપિયામાં)**	**સમજૂતી કે સ્પષ્ટતા**
ઓપનિંગ બેલેન્સ		7,152.81 ડેબિટ	આગળના સ્ટેટમેન્ટમાંથી ક્લોઝિંગ બેલેન્સ
13 મે	ખરીદી	1,000 ડેબિટ	ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી
25 મે	ચુકવણી	7,152.81 ક્રેડિટ	અગાઉની કુલ બાકી રકમની સંપૂર્ણ ચુકવણી = રૂ.7,152.81
31 મે	ખરીદી	5,000 ડેબિટ	ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી
11 જુન	વ્યાજ	139.10 ડેબિટ	રૂ.139.10 માં કેટલા કેટલા રૂપિયા કે ચાર્જ શેનો છે તેની વિગત નીચે આપવામા આવી છે.
11 જુન	વ્યાજ પર GST	25.04 ડેબિટ	INR 139.10 *18% = INR 25.04
બંધ થતી સિલક		6,164.14 ડેબિટ	કુલ ચુકવણી બાકી

વસુલવામા આવતા વ્યાજમાં નીચે મુજબના ઘટકો કે વિગતોનો સમાવેશ થાય છે, અગાઉની બાકી રકમની સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધીના તમામ અગાઉના બાકી લેણાં અને નવા વ્યવહારો કે ટ્રાન્ઝેકશન પર વ્યાજ વસૂલવામા આવે છે.

બેલેન્સ (રૂપિયામાં)	**સમયગાળો**	**દિવસોની સંખ્યા**	**ગણતરી**	**વ્યાજ (રૂપિયામા)**
6,910	12 મે થી	14	6,910*14*3.75%*12/365	119.27

	25 મે			
205.78	11 મે થી 25 મે	15	205.78*15*3.75%*12/365	3.81
1,000	13 મે થી 25 મે	13	1,000*13*3.75%*12/365	16.03
વ્યાજ વસૂલાયું				139.10

બાકી લઘુત્તમ રકમ (ચુકવવાની બાકી મિનિમમ રકમ)

માસિક ચુકવણીમાં ઓછામાં ઓછી લઘુત્તમ બાકી રકમનો સમાવેશ થવો જોઈએ. અગાઉના સ્ટેટમેન્ટમાંથી ચુકવ્યા વિનાની કોઈ પણ લઘુત્તમ બાકી રકમ હાલના લઘુત્તમ બાકી રકમમાં ઉમેરાશે અને હાલના સ્ટેટમેન્ટમાં લઘુત્તમ બાકી રકમ તરીકે આવશે. લઘુત્તમ બાકી રકમ નીચે મુજબ ગણાશે (ઓછામા આછા 100 રૂપિયાને આધીન)

લઘુત્તમ બાકી રકમની ગણતરી તમામ હપ્તાઓ, તમામ ફી, વ્યાજ-નાણાકીય ચાર્જ, કર, ક્રેડિટ મર્યાદા (જો કોઈ હોય તો) ઉપર વપરાયેલી રકમ અને બાકી રહેલી રકમના 2% ના સરવાળા તરીકે કરવામા આવશે.

જો કુલ બાકી રકમ 100 રૂપિયાથી ઓછી હોય તો લઘુત્તમ બાકી રકમ કુલ બાકી રકમની બરાબર રહેશે.

લઘુત્તમ બાકી રકમની ગણતરી માટે ઉદાહરણ કે સમજણ:

ધારો કે તમે અગાઉની તમામ બાકી રકમ સંપૂર્ણ રીતે ચુકવી દો છે અને કોઈ પણ આઉટસ્ટેન્ડિંગ રકમ એટલે કે ચુકવવાની થતી બાકી રકમ ક્રેડિડ કાર્ડ અકાઉન્ટ નથી તેમજ તમારૂ માસિક સ્ટેટમેન્ટ દર મહિનાની 15 તારીખે જનરેટ થતુ હોય.

					મિનિમમ અમાઉન્ટ ડ્યુ (લઘુત્તમ બાકી રકમ) ગણતરી	
ક્રમ નં.	**ટ્રાન્ઝેકશન તારીખ**	**પ્રકાર**	**રકમ (ભારતીય રૂપિયામાં)**	**Cr/ Db**	**મિનિમમ અમાઉન્ટ ડ્યુ (લઘુત્તમ બાકી રકમ) ફાળો**	**ચુકવણીની બાકી લઘુત્તમ રકમમમાં રકમ (રૂપિયામાં)**
a	25 સપ્ટેમ્બર	ખરીદી	5,000	Db	2%	100
b	1 ઓક્ટોબર	જોડાણ ફી	1,000	Db	100%	1,000
c	1 ઓક્ટોબર	જોડાણ ફી પર જીએસટી	180	Db	100%	180
d	1 ઓક્ટોબર	રોકડ ઉપાડ	2,000	Db	2%	40
e	1 ઓક્ટોબર	રોકડ ઉપાડ ફી	500	Db	100%	500
f	1 ઓક્ટોબર	GST	90	Db	100%	90
g	15 ઓક્ટોબર	રોકડ ઉપાડ પર વ્યાજ	36.99	Db	100%	36.99
h	15 ઓક્ટોબર	વ્યાજ પર GST	6.66	Db	100%	6.66
	કુલ બાકી (INR)					**8,813.65**
	બાકી રહેલી લઘુત્તમ રકમ (MAD)					**1,953.65**

બાકી રહેલી લઘુત્તમ કે ન્યુતમન રકમ = 2%* (5000+2000)+
100%* (1000 +180 + 500+ 90+ 36.99+ 6.66)= 1,953.65 રૂપિયા
બાકી રહેલી લઘુત્તમ રકમ રૂપિયા 1953.65 રૂપિયા રહેશે

જો તમે રૂપિયા 5000 ખર્ચ કરો છો અને લઘુત્તમ બાકી રકમ (લઘુત્તમ 100 રૂપિયાની ચુકવણીને આધીન) જેટલી જ રકમ દર મહિને ચુકવો છો તો કુલ રકમની ચુકવણી કરતા તમારે ~7 વર્ષનો સમય લાગશે. જેથી અમે તમને સૂચન કરીએ છીકે કે જ્યારે પણ તમારી પુરતી રોકડ હોય અને તમે ખર્ચ કરી શકો તેમ હોય ત્યારે સંપૂર્ણ બાકી રકમ એટલે કે આઉટસ્ટેન્ડિંગ રકમ ચુકવી દો અથવા લઘુત્તમ બાકી રકમની ચુકવણી કરતા નોંધપાત્ર પ્રમાણમા વધારે રકમ ચુકવી દો.

નિયમો અને શરતો- ઈએમઆઈ/બાકી ચુકવણી સામે લોન બંધ કરવી

10 નવેમ્બર 2023 થી લાગુ થયા પ્રમાણે જો કાર્ડધારક દ્વારા લોન સુવિધા કે લોન લેવામા આવેલી લોનના સમયગાળા દરમિયાન બિન ચુકવણી સામે બંધ કરવામા આવે તો કાર્ડધારક છેલ્લી બિલિંગ તારીખથી લોન સુવિધા-લોન બંધ થવાની તારીખ સુધી કુલ બાકી રકમ (મૂળબાકી રકમ,ફોર ક્લોઝર ચાર્જ અને લોન પરના વ્યાજ સહિત) બેંકને ચૂકવવા માટે જવાબદાર રહેશે. આવી સ્થિતિમાં, વ્યાજની રકમ વસુલવા કે લેવા માટે કાર્ડ સ્ટેટમેન્ટમાં નીચેની એન્ટ્રીઓ હશેઃ

A= વ્યાજ બાકી રહેલી લોનના સંપૂર્ણ સમયગાળા માટે કપાશે. (ઉદાહરણ તરીકે છેલ્લા બિલની તારીખથી સુવિધા બંધ કરવાની તારીખ સુધીના સમયગાળા માટે)

B= ચુકવણી ન થવા સામે લોન બંધ કરવા માટેની પ્રક્રિયા પછીના સમયગાળાનું વ્યાજ (ઉદાહરણ તરીકે બંધ થવા માટેની પ્રક્રિયાથી લોન કે સુવિધા બંધ થવાની તારીખ સુધીનો સમયગાળો) કાર્ડ એકાઉન્ટમાં ક્રેડિટ કરવામા આવશે.

અસરકારક રીતે કુલ વ્યાજ ઉદાહરણ તરીકે. (A-B) બિલ ગ્રાહકને મોકલાશે અને જેમાં છેલ્લા બિલની તારીખથી લોન ફોરક્લોઝર તારીખ સુધીના દિવસો ગણાશે.

જો કાર્ડ મેમ્બર રિવોલ્વિંગ ક્રેડિટ ફેસિલિટી (ચુકવણીના કેસમાં ક્રેડિટ આગળ લઈ જવી) નો ઉપયોગ કરે છે તો ક્રેડિટ કાર્ડ માટેના ફાઈનાન્સ ચાર્જીસ સાથે આ રકમમાં ચાર્જીસ લાગુ થશે. આવી બાકી રહેલી રમક કે આઉટસ્ટેન્ડિંગ અમાઉન્ટસ માટે તાકીદે રીપેમન્ટ કરવા એટલે કે ચુકવણી કરવા માટે બેંક ગ્રાહક પાસે માંગણી કરવાને હકદાર છે.

સમજણ કે ઉદાહરણરૂપેઃ ધારો કે તમે અગાઉની તમામ બાકી રકમની સંપૂર્ણપણે ચુકવણી કરી દીધી છે અને હવે તમારા ક્રેડિટ કાર્ડ અકાઉન્ટમાં કોઈ પણ આઉટસ્ટેન્ડિંગ રકમ (બાકી રકમ) ચુકવવાની બાકી રહેતી નથી તો તમારુ માસિક સ્ટેટમેન્ટ દર મહિનાની 25 મી તારીખે જનરેટ થશે. તમે ઈએમઆઈ પર બેલેન્સ (બીઓઈ) રૂપિયા 5,000 6 મહિના માટે 3 મે 2023 ના રોજ 14% વ્યાજદરે લઈ શકો છો. બે ઈએમઆઈ જુલાઈ 2023 સુધીમાં કપાશે અને તમે 17 જુલાઈ 2023 ના રોજ લોન બંધ કરવાની પ્રક્રિયા માટે અરજી કરી છે.

તારીખ	**ટ્રાન્ઝેકશનનો પ્રકાર**	**રકમ (ભારતીય રૂપિયામાં)**	**સમજૂતી કે સ્પષ્ટતા**
3 મે 2023	ઉપલબ્ધ બીઓઇ (ઈએમઆઈ પર બેલેન્સ)	INR 5,000	ઉપલબ્ધ બીઓઇ (ઈએમઆઈ પર બેલેન્સ) ક્રેડિટ કાર્ડ
2 જુન 2023	પ્રથમ ઈએમઆઈ રકમ	867.69 રૂપિયા ડેબિટ	867.69 રૂપિયાની રકમ ઈએમઆઈ તરીકે કપાય (મુડીની રકમ= 809.36 રૂપિયા, વ્યાજ = 58.33)
2 જુન 2023	વ્યાજ પર GST	10.50 રૂપિયા ડેબિટ	વ્યાજ પર 18% GST 58.33* 18% = 10.50

2 જુલાઈ 2023	બીજી ઇએમઆઇ રકમ	867.69 રૂપિયા ડેબિટ	867.69 રૂપિયાની રકમ ઈએમઆઈ તરીકે કપાય (મુડીની રકમ = 818.80 રૂપિયા, વ્યાજ = 48.89)
2 જુલાઈ 2023	વ્યાજ પર GST	8.80 રૂપિયા ડેબિટ	વ્યાજ પર 18% GST 48.89* 18% = 8.80
17 જુલાઈ 2023	ઈએમઆઈ પરના બેલેન્સ ઈન્ટરેસ્ટને બંધ કરવુ ઈએમઆઈ માટે કપાત # 3 થી 6	159.08 રૂપિયા ડેબિટ	17 જુલાઈ 2023 ના રોજ કરેલી લોન બંધ માટેની અરજી. બાકી રહેલા સમયગાળા માટે વ્યાજ કપાત (3 જુલાઈ 2023 થી 2 નવેમ્બર 2023) 3371.84* 14% 123 દિવસ/ 365 દિવસ = 159.08 (3371.84 રૂપિયા બાકી રહેલી મુડીની રકમ ગણાશે)
17 જુલાઈ 2023	ઉપરના વ્યાજ પર GST	28.63 રૂપિયા ડેબિટ	159.08*18% = INR 28.63
17 જુલાઈ 2023	હપ્તામાં સમાવિષ્ટ વ્યાજ પરત કરવુ	140.97 રૂપિયા ક્રેડિટ	વણવપરાયેલા સમયગાળાનું વ્યાજ પરત (સમયગાળો 17 જુલાઈ 2023 થી 2 નવેમ્હબર 2023) 3371.84* 14% 109 દિવસ/ 365 દિવસ = 140.97 (3371.84 રૂપિયા બાકી રહેલી મૂડીની રકમ ગણાશે)
17 જુલાઈ 2023	GST રીફંડ મળવુ કે પરત થવુ	25.37 રૂપિયા ક્રેડિટ	140.97*18%= INR 25.37
	કુલ વ્યાજ લાગુ	INR 18.11	GST બિલિંગ તારીખથી લોન બંધ થવાની તારીખ સુધીનું વ્યાજ
	કુલ GST લાગુ	INR 3.26	લાગુ થતા કુલ વ્યાજ પર GST

ઉપરના ફેરફારો તમામ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ પર ત્વરીત લોન, બેલેન્સનું ઈએમઆઈમાં રૂપાંતર, વેપારીને ત્યાં ખરીદદારી સમયે ટ્રાન્ઝકેશનનું ઈએમઆઈમાં રૂપાંતર (વેપારી ઈએમઆઈ) અથવા પોસ્ટ ફેક્ટો (ટ્રાન્ઝેકશન ઈએમઆઈ) માટે લાગુ થશે. ચુકવણી ન થવા સમયે લોન બંધ કરવાના સંબંધમાં અન્ય તમામ ચાર્જ હાલના નિયમો અને શરતો મુજબ રહેશે. નીચના વિગતવાર નિયમો અને શરતોનો સંદર્ભ લેવા વિનંતી.

- ડિટ કાર્ડ પર લોન - https://www.axis.bank.in/important-links/credit-card/card-services
- બેલેન્સનું ઈએમઆઈમાં રૂપાંતર - https://www.axis.bank.in/important-links/-credit-card/card-services
- ટ્રાન્ઝેક્શન (નાણાકીય વ્યવહાર) નું ઈએમઆઈમાં રૂપાંતર (ટીઈએમઆઈ) - https://www.axis.bank.in/important-links/credit-card/card-services
- વેપારી ઈએમઆઈ (એમઈએમઆઈ) https://www.axis.bank.in/important-links/-credit-card/card-services

A) ક્રેડિટ અને રોકડ ઉપાડ-એડવાન્સ માટેની ફી

- **ક્રેડિટ મર્યાદા:** આ કાર્ડધારકને સોંપેલ મર્યાદા છે. તમામ ટ્રાન્ઝેક્શન્સ, ફી અને ચાર્જિસ સહિત કુલ બાકી રકમ આ મર્યાદાથી વધુ ન હોવી જોઈએ. એડ-ઑન ક્રેડિટ કાર્ડધારક(કો) પ્રાથમિક કાર્ડધારકને ફાળવવામાં આવેલ ક્રેડિટ મર્યાદા શેર કરશે. પ્રાથમિક કાર્ડધારકના ખાતાની ક્રેડિટ મર્યાદામાં કોઈપણ ફેરફાર, પછી ભલે તે વધારો હોય કે ઘટાડો, આપમેળે તમામ સંકળાયેલા એડ-ઑન ક્રેડિટ કાર્ડધારકોને લાગુ પડશે.

- **કેશ લિમિટ:** આ કેશ એડવાન્સ લિમિટ છે જે કાર્ડધારકને આપવામા આવે છે. આ લિમિટ ક્રેડિટ લિમટ કરતા ઓછી હોય છે અને જે એકંદરે કુલ લિમિટનો ભાગ છે.

  એટીએમમાંથી રોકડ ઉપાડવા પર ટ્રાન્ઝેક્શન ફી લાગુ થશે. ઉપરાંત કેશ ટ્રાન્ઝેક્શન એટલે કે રોકડ વ્યવહારમાં હંમેશા ટ્રાન્ઝેક્શન તારીખથી વ્યાજ લાગુ થશે. જો કે રિટેઈલ ખરીદીમાં કે જ્યાં વ્યાજની ગણતરી ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં 100 ટકા બેલેન્સ પેમેન્ટની ચુકવણી પર આધાર રાખે છે.

- **ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ:** કોઈ પણ સમયે ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ એ કાર્ડધારકને અપાયેલી ક્રેડિટ લિમિટ અને કાર્ડમાં કે કાર્ડ પર બાકી રહેલી રમકનો તફાવત છે. એડ ઓન એટલે કે એકકાર્ડ ઉમેરાયેલા અન્ય ધારક (ગ્રાહક) આ ક્રેડિટ લિમિટને મુખ્ય કે પ્રાયમરી કાર્ડધારકને આપશે.

- **ઉપલબ્ધ કેશ લિમિટ:** કોઈ પણ સમયે ઉપલબ્ધ રોકડ મર્યાદા એટલે કે કેશ લિમિટ એ કાર્ડધારકને અપાયેલી લિમિટ અને તે સમયે કાર્ડમાં આઉટસ્ટેન્ડિંગ કેશ બેલેન્સ (છેલ્લે બાકી જમા રોકડ) વચ્ચેનો તફાવત છે.

- **ઈન્ટરનેશનલ લિમિટ:** ઈન્ટરનેશનલ લિમિટ એ ગ્રાહકને ઈન્ટરનેશનલ વપરાશ માટે અપાયેલી લિમિટ છે. આ એવા જ ગ્રાહકો માટે લાગુ થશે કે જેઓએ ક્રેડિટ કાર્ડની અરજી સમયે ઈન્ટરનેશનલ વપરાશ (આંતરરાષ્ટ્રીય ઉપયોગ) માટેનો વિકલ્પ પસંદગ કર્યો હોય. ઉપરાંત આ તમારી વેલકમ કિટ પર દર્શાવેલ ઈન્ટરનેશનલ લિમિટ પ્રમાણે રહેશે.

- રોકડ કે આંતરરાષ્ટ્રીય (કોઈ પણ) માટેની ક્રેડિટ લિમિટ દરેક કાર્ડધારક માટે અલગ અલગ રહેશે.

  જે કાર્ડધારકને કાર્ડની ડિલિવરી સમયે વેલકમ લેટરમાં દર્શાવવામા આવશે અને માસિક સ્ટેટમેન્ટ કે જે કાર્ડધારકને મોકલાય છે તેમાં પણ જાહેર કરવામા આવશે. ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ દરેક માસિક સ્ટેટન્ટમેન્ટ જનરેટ થતી વખતે ઉપરોક્ત સ્ટેટમેન્ટના ભાગરૂપે આપવામા આવે છે.

- **મલ્ટીકાર્ડસ-લિમિટ શેરિંગ:** એક્સિસ બેંક કાર્ડધારક પાસ રહેલા હાલના કાર્ડ કે જે પ્રકારનું થેના કરતા અન્ય પ્રકારનું કાર્ડ પોતાની સમજણ કે વિવેકબુદ્ધિથી આપવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. કોઈ પણ સમયે કોઈ પણ ક્રેડિટ કાર્ડ પર ક્રેડિટ મર્યાદા અને રોકડ મર્યાદા કેટલી રાખવી કે આપવી તે પણ એક્સિસ બેંકના પોતાના પર છે એટલેકે તેનો પણ બેંકને સંપૂર્ણ અધિકાર છે. તમારા બધા એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ પર ક્રેડિટ મર્યાદા વહેંચવામા આવે છે. તમારા એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ પર વ્યક્તિગત રીતે અલગ અલગ ક્રેડિટ મર્યાદા હોવા છતાં સંયુક્ત ઉપયોગ માટે વહેંચાયેલી મર્યાદા(ક્રેડિટ લિમિટ) સુધી જે તે મર્યાદિત રહેશે. વ્યક્તિગત કાર્ડ સ્તરે ક્રેડિટ મર્યાદા અથવા ગ્રાહક સ્તરે વહેંચાયેલી લિમિટ કે મર્યાદા હાલના આંતરિક માર્ગદર્શિકાના આધારે બેંકની સંપૂર્ણ વિવેક બુદ્ધિથી નક્કી કરવામા આવશે. એવી પરિસ્થિતિઓમાં કે જેમાં ચુકવવાની બાકી રકમ ક્રેડિટ કાર્ડમાં અપાયેલ ક્રેડિટ લિમિટ કરતા વધી જાય છે તો મર્યાદા કરતા વધુ ચાર્જ લાગુ થશે. એક્સિસ બેંક ગ્રાહકના ડેમોગ્રાફિક(નામ,સરનામુ,પરિવારિક સભ્યો-નંબર સહિતની વિગતો) અને વ્યક્તિગત વિગતોને તેના કે તેણીના હાલના કાર્ડ (એક કે એકથી વધુ) ની નવી અરજીની વિગતો મુજબ અપડેટ કરવાનો અધિકાર ધરાવે છે. ગ્રાહકને ઈસ્યુ થયેલા એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડની મહત્તમ સંખ્યા બેંકની આંતરિક નિતિઓ અને વિવેક બુદ્ધિને આધીન છે.

- ગ્રાહકના તમામ ક્રેડિટ કાર્ડ પર ક્રેડિટ લિમિટ કેટલી રાખવી તે બેંકની હાલની આંતરિક ગાઈડલાઈન (માર્ગદર્શિકા) અને સંપૂર્ણ બેંકની વિવેકબુદ્ધિને આધીન છે. જો ગ્રાહક એકથી વધુ એટલ કે મલ્ટીપલ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ ધરાવે છે અને તમામ કાર્ડમાં લિમિટ વહેંચાયેલી છે તેમજ તમામ કાર્ડમાં સરખી છે તો ઉદહારણરૂપે ગ્રાહકની ક્રેડિટકાર્ડ લિમિટ 1,00,000 રૂપિયા છે અને ગ્રાહક એક્સિસ બેંકના બે ક્રેડિટ કાર્ડ ધરાવે છે તો દરેક કાર્ડની વ્યક્ગિત લિમિટ 1,00,000 રૂપિયા રહેશે અને જે તમામ કાર્ડમાં વહેંચાશે. ગ્રાહક કાર્ડ નં.1 (એ) પર 90 હજારનું ટ્રાન્ઝેકશન કરે છે તો બાકીની વધેલી 10 હજારની લિમિટ મુજબ અન્ય કાર્ડસ પરથી 10 હજારનું જ ટ્રાન્ઝેકશન

થઈ શકશે. પંરતુ બીજા કાર્ડ એટલે કે કાર્ડ નં. 2 (બી) પરથી અન્ય કોઇ ટ્રાન્ઝેકશન કે ખર્ચ ન હોવા જોઈએ. આમ આ કેસમાં ગ્રાહકની લિમિટ કાર્ડ નં.એ પર રૂ. 1,00,000થી વધુ તમજ કાર્ડ નં.બી પર રૂ. 1,00,000 થી વધવી ન જોઈએ.

- જો ગ્રાહક એક્સિસ બેંકનું એક ક્રેડિટ કાર્ડ ધરાવે છે અને બીજા કાર્ડ માટે બેંકને અરજી કરી છે તો પ્રથમ કાર્ડ પર અપાયેલી ક્રેડિટ લિમિટ જ બીજા કાર્ડ પર લાગુ થશે. જો કે બીજા કાર્ડની અરજી સમયે ગ્રાહક કાર્ડ લિમિટ વધારવા માંગે અને જે માટે બીજા કાર્ડની એપ્લિકેશન દ્વારા સંમતિ આપે છે તો તમામ કાર્ડ પર એક સાથે ક્રેડિટ લિમિટ

- એક્સિસ બેંક સમય સમય પર ગ્રાહકના ક્રેડિટ કાર્ડ કે કાર્ડસમાં અપાયેલી ક્રેડિટ લિમિટને વધારવા કે ઘટાડવા સાથે રિવ્યુ કરવા માટેનો સંપૂર્ણ અબાધિત હક કે એકાધિકાર ધરાવે છે. ગ્રાહકને આવી સમીક્ષા કે રિવ્યુ, લિમિટ વધારવાની ઓફર (ચોક્કસ માન્ય સમયગાળા સાથે) ગ્રાહકની સ્પષ્ટ સંમતિના આધારે આપવા આવશે તેમજ આ લિમિટ ગ્રાહકના તમામ ક્રેડિટ કાર્ડ પર વધવા માટે પ્રક્રિયા થશે, જે પ્રક્રિયા સમયે રીઅલ ટાઈમ ચેકને આધીન છે. ક્રેડિટ મર્યાદામા વધારો ક્રેડિટ કાર્ડ એકાઉન્ટની લાયકાતોને પણ આધીન છે. જો એકાઉન્ટ આ માટે લાયક હશે તો વિનંતી પર આ માટેની પ્રક્રિયા 3 કામકાજના દિવસોમાં કરવામા આવશે.

- ગ્રાહકો બેંક દ્વારા જરૂરી દસ્તાવેજો રજૂ કરીને હાલની ક્રેડિટ મર્યાદાની સમીક્ષાની વિનંતી કરી શકે છે. આ દસ્તાવેજો શેર કરવાથી બેંક ગ્રાહક પાસેથી, અમારા સહયોગીઓ અથવા ક્રેડિટ માહિતી કંપનીઓ, નિયમનકારો અથવા સરકારી અધિકારીઓ જેવા તૃતીય પક્ષો પાસેથી સીધો અંગત ડેટા એકત્રિત કરવા માટે સંમતિ ગણાશે જેમની પાસે આ અંગત ડેટા હોઈ શકે છે. આવી સમીક્ષા અને વધારો (જો કોઈ હોય તો) બેંકના સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર છે. આવી વિનંતીઓ પર કામકાજના 7 દિવસોમાં પ્રક્રિયા કરવામાં આવશે.

- **ઉપયોગ કે વપરાશ માટે આરબીઆઈની ગાઈડલાઈન**

આરબીઆઈ (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા) ની ગાઈડલાઈન મુજબ સમગ્ર ભારતમાં (એટીએમ અને પોઈન્ટ ઓફ સેલ ડિવાઈઝ-પીઓએસ)તમામ કાર્ડ માત્ર કોન્ટેક્ટ બેઝ પોઈન્ટ્સ એટલે કે જ્યા કાર્ડ ફીઝકલી સંપર્ક કરીને વાપરવામા આવે ત્યાં જ કાર્યરત થઈ શકશે . તમે તમારા કાર્ડ પર વપરાશ અને ટ્રાન્ઝેકશન્સ લિમિટ માટે કોઈ પણ સમયે ઓપ્શન સેટ કરી શકો છે કે તમારી વપરાશની પસંદગી બદલી શકો છો અને તમારા કાર્ડ પર ટ્રાન્ઝેકશન્સ માટેની લિમિટ પણ કોઈ

પણ સમયે સક્ષમ(ઈનેબલિંગ) કે અક્ષમ (ડિસેબલિંગ) સંપર્કરહિત દ્વારા કે પછી આંતરરાષ્ટ્રીય, ઓનલાઈન ટ્રાન્ઝેકશન્સ વાયા મોબાઈલ બેંકિંગ એપ ઓપન દ્વારા, ઈન્ટરનેટ બેંકિંગ અથવા કસ્ટમર કેર (ગ્રાહક સુવિધા) નો સંપર્ક કરીને કે પછી નજીકની બ્રાંચની મુલાકાત લઈને તમે કરી શકો છો. કોન્ટેક્ટલેસ એટલે કે સંપર્કરહિત સીમ્બોલ (નિશાની) તમારા કાર્ડના આગળના ભાગ પર દેખાય તે રીતે હશે અને જે દર્શાવે છે કે કાર્ડ કોઈ પણ જગ્યાએ સ્વાઈપ કર્યા વિના કે સંપર્કમાં આવ્યા વિના સ્વીકારવા માટે તૈયાર છે. જો તમારું કાર્ડ પ્લાસ્ટિક ઉપરના કોઈ પણ દર્શાવેલ ટ્રાન્ઝેક્શન્સ માટે સપોર્ટ નથી કરતુ કે કામ નથી કરતુ તો તમે પ્રેફરન્સ (પસંદગી) અથવા લિમિટ્સને સક્ષમ (ઈનેબલ) અથવા ડીસેબલ (અક્ષમ) નહીં કરી શકો.

B) વ્યાજમુક્ત ક્રેડિટ સમયગાળો

ઇન્ટરેસ્ટ-ફ્રી ક્રેડિટ પિરિયડ વ્યાજમુક્ત ક્રેડિટ સમયગાળો 20 થી 50 દિવસ સુધીનો હોઈ શકે છે, જે ટ્રાન્ઝેક્શનની તારીખના આધારે હોઈ શકે છે. જો પાછલા મહિનાના બિલમાંથી કોઈપણ બાકી રકમ નિયત તારીખ સુધીમાં ચૂકવવામાં ન આવે તો વર્તમાન સ્ટેટમેન્ટ માટે ઇન્ટરેસ્ટ-ફ્રી ક્રેડિટ પિરિયડ સ્થગિત કરવામાં આવે છે.

ગ્રેસ પીરિયડ (છુટનો સમયગાળો) ની ગણતરીને સમજવા માટે ઉદાહરણઃ 21 જુનથી 21 જુલાઈ સુધીના સમયગાળના સ્ટેટમેન્ટ માટે બાકી રકમની ચુકવણીની તારીખ 10 ઓગસ્ટ રહેશે. ધારો કે તમે તમારા પાછળના મહિનાના સ્ટેટમેન્ટમાં દર્શાવેલ કુલ બાકી રકમ ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં કરી દીધી છે તો ગ્રેસ પીરિયડ આ રીતે રહેશે...

1. જો ખરીદી 24 જુને કરવામા આવી હોય તો વ્યાજમુક્તીની છુટનો સમયગાળો 24 જુનથી 10 ઓગસ્ટ એટલે કે 47 દિવસનો રહેશે.

2. જો ખરીદી 18 જુલાઈએ કરવામા આવી હોય તો વ્યાજમુક્તની છુટનો સમગાળો 18 જુલાઈથી 10 ઓગસ્ટનો એટલે કે 23 દિવસનો રહેશે.

આમ છુટનો સમયગાળો ખરીદીની તારીખને આધારે જુદો જુદો હોઈ શકે છે. જો કે તેમ છતાં પાછલા મહિલાની કુલ બાકી રકમ જો ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં ચુકવાઈ ન હોય તો ફ્રી ક્રેડિટ સમયગાળો (પીરિયડ) નહીં મળે અને કોઈ પણ પ્રકારનો વ્યાજમુક્તિ છુટનો સમયગાળો નહીં આપવામા આવે. કેશ એડવાન્સીસ માટે વ્યાજ ટ્રાન્ઝેકશનની તારીખથી પેમેનન્ટ ચુકવણીની તારીખ સુધી ગણાશે.

C) બિલિંગ અને સ્ટેટમેન્ટ

i] બિલિંગ સ્ટેટમેન્ટ - જો કાર્ડ એકાઉન્ટ પર કોઈ ટ્રાન્ઝેકશન અથવા INR 100 થી વધુ બાકી રકમ હોય, તો બેંક મહિનામાં એકવાર, બેંકના રેકોર્ડ મુજબના તમારા ટપાલના સરનામા અથવા ઈ-મેલ સરનામા પર સ્ટેટમેન્ટ/ઈ-સ્ટેટમેન્ટ મોકલશે. સ્ટેટમેન્ટ ન મળવાથી આ કરાર હેઠળ તમારી જવાબદારીઓ અને દાયિત્વો પર કોઈ અસર થશે નહીં, અને તમે ચુકવણીની તારીખની અંદર કાર્ડ પર બાકી રકમની પતાવટ કરવા માટે જવાબદાર રહેશો. ગ્રાહકો પાસે સ્ટેટમેન્ટ જનરેશન તારીખને બેંકના હાલના બિલિંગ સાયકલમાંથી એકમાં અપડેટ કરવા માટે ઍક્સિસ ફોન બેંકિંગનો સંપર્ક કરવાનો એક વખતનો વિકલ્પ છે. ઍક્સિસ બેંક દ્વારા ઑફર કરવામાં આવતી બિલિંગ સાયકલ તારીખો મહિનાની 01લી, 07મી, 10મી, 12મી, 13મી, 15મી, 18મી, 20મી, 22મી અને 25મી તારીખ છે, અને બાકી રકમની ચુકવણીને આધીન, બિલિંગ સાયકલ તારીખ પછી 20 દિવસ પછી નિયત તારીખ આવે છે.

ii] બેંક વેપારી સ્થાપનાઓ પાસેથી પ્રાપ્ત થયેલા તમામ ડેબિટ અને થયેલા ચાર્જ માટે કાર્ડ ખાતામાંથી ડેબિટ કરશે, અને કાર્ડધારક દ્વારા બેંકને કરવામા આવેલી તમામ ચુકવણીઓ અને કાર્ડધારકના પક્ષમાં કરવામા આવેલા કોઈ પણ ચુકવણી માટે કાર્ડખાતમાં ક્રેડિટ કરશે. બેંક વેપારી સ્થાપનાઓ પાસેથી પ્રાપ્ત થયેલા તમામ ડેબિટ અને થયેલા ચાર્જ માટે કાર્ડ ખાતામાંથી ડેબિટ કરશે, અનેક કાર્ડધારક દ્વારા બેંકને કરવામા આવેલી તમામ ચુકવણીઓ અને કાર્ડધારકના પક્ષમાં કોઈ પણ ચુકવણી માટે કાર્ડખાતામાં ક્રેડિટ થશે.

iii] બેંક કાર્ડધારકને રીવોલ્વિંગ ક્રેડિટ ફેસિલિટી એટલે કે ક્રેડિટ આગળ ખેંચી જવાની સુવિધા આપી શકે છે. જેમાં કાર્ડધારકને સ્ટેટમેન્ટમાં દર્શાવેલ લઘુત્તમ બાકી રકમની ચુકવણી કરવાનો વિકલ્પ મળે છે. જ્યારે કુલ બાકી રકમને કાર્ડધારક સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા મુજબની ચુકવણીની અંતિમ તારીખે અથવા તે પહેલા ચુકવી શકે છે અથવા કાર્ડધારક દ્વારા ચુકવવામા આવવી જોઈએ.

iv] ચુકવવાની બાકી ન્યુનતમ રકમ જો ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં ચુકવવામા ન આવે તો તમે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ સ્થગિત (હંગામી કે કાયમી) થવા માટે કે પાછુ ખેંચવા માટે જવાબદાર ઠરી શકો છે. ઉપરાંત આ બિનચુકવણી માટે ફી પણ વસુલવામા આવશે. બેંકના પોતાના એકાધિકાર મુજબ વેપારી એકમોને પણ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડને ન સ્વીકારવા તેમજ કાર્ડ એસોસિએશન સીસ્ટમમાં કાર્ડ નંબરના હોટ લિસ્ટિંગ દ્વારા કાર્ડનો કબ્જો લેવા માટે પણ સૂચના આપવામા આવશે.

V] તમે બિલિંગ સમયગાળા દરમિયાન લઘુતમ બાકી રકમ કરતા વધારે રકમ ચુકવણીની અંતિમ તારીખ પહેલા ચુકવી શકો છો અને તે પણ એકથી વધારે વખત. અથવા તો કાર્ડ એકાઉન્ટમાં આઉટસ્ટેન્ડિંગ બેલેન્સની પણ ચુકવણી અંતિમ તારીખ પહેલા કોઈ પણ સમયે કરી શકો છો.

vi] કાર્ડમાં દર્શિત આઉટસ્ટેન્ડિંગ રકમની ચુકવણીની બાબત તમને પછીના સ્ટેટમેન્ટમાં પણ બતાવવામા આવશે. કાર્ડમેમ્બરના કાર્ડ પરની આઉટસ્ટેન્ડિંગ રકમ સામે ચુકવણીની રકમમમાં નીચેની બાબતો દર્શાવવામા આશે.

1. ફી અને ચાર્જીસ ટેક્સીસ સાથે
2. વ્યાજના ચાર્જીસ
3. રોકડ એડવાન્સ
4. ઈએમઆઈ
5. ખરીદી

vii] જો ચુકવણી કે પેમેન્ટ બાબતે કોઈ પણ સૂચના તમને આપવામા આવશે અને તમારા સતત તેનો અનાદર કરવામા આવશે તો કાર્ડ પરના લાભો સ્થગિત થઈ શકે છે કે સમાપ્ત થઈ શકે છે અને ચાર્જીસ શિડ્યુલમાં જણાવ્યા મુજબની ફી પણ બેંકના પોતાના વિવેકબુદ્ધિ મુજબના અધિકાર પ્રમાણે કાર્ડ એકાઉન્ટ પર ફી વસુલવામા આવશે. આ ફીની રકમ પણ બેંકના પોતાના એકાધિકાર કે સત્તાધિકાર મુજબ ફેરફારને આધીન છે. આ ઉપરાંત બેંક જરૂરી કોઈ પણ કાયદાકીય કાર્યવાહી કરવાનો પણ અધિકાર ધરાવે છે.

viii] ડુપ્લિકેટ માસિક એકાઉન્ટ સ્ટેટમેન્ટ બેંક દ્વારા તમને પુરુ પાડવામા આવશે પરંતુ તેના માટે તમારા તરફથી વિનંતી થયેલી હોવી જોઈએ અને જેમાં ચાર્જીસ શિડ્યુલમાં નક્કી કરાયેલા મુજબના સર્વિસ ચાર્જ પણ ચુકવવાને પાત્ર રહેશે. આ ચાર્જ બેંક પોતાના અધિકારો મુજબ બદલાઈ પણ શકે છે.

ix] જો તમારા સંપર્ક માટેનું સરનામું કે ઈમેઈલ એડ્રેસમાં કોઈ પણ ફેરફાર થયો હોય તો આ બાબતે તાકીદે બેંકને જાણ કરો અને સમય પર તમને નિયમિત રીતે સ્ટેટમેન્ટસ મળવાની ખાત્રી કરો.

X] બિલિંગ મુદ્દે વિવાદ કે તકરારઃ સ્ટેટમેન્ટમાં દર્શાવેલી તમામ વિગતો કે માહિતી બાબતે કોઈ પણ ફરિયાદ,વિસંગતતા વાંધો કે તકરાર હોય તો કાર્ડધારકે સ્ટેટમેન્ટ ઈસ્યુ થયાના 60 દિવસમાં બેંકને કોઈ પણ વિસંગતતા બાબતે જાણ કરવાની રહેશે. જો 60 દિવસમાં જાણ નહીં કરવામા આવે તો સ્ટેટમેન્ટની વિગતો બરોબર અને સ્વીકાર્ય છે તેવુ માની લેવામા આવશે. જો ઉપરોક્ત વિસંગતતાઓ કાયદેસર કે યોગ્ય હોવાનું બેંકને જણાય તો ચાર્જ બેંકની આગળની તપાસ સંપૂર્ણપણે અને સંતોષકારક રીતે પૂર્ણ ન થાય ત્યાં સુધી હંગામી ધોરણે રીવર્સ પણ થઈ શકે છે. બેંક દ્વારા શરૂ કરાયેલી આ તપાસમાં ધ્યાને આવે કે આ (વિસંગતતા) ચાર્જ કાર્ડધારકે(કો) જ ચુકવવાનો છે તો આગામી સ્ટેટમેન્ટમાં ચાર્જ ફરીથી દાખલ કરવામા આવશે અને ચાર્જીસ પત્રક (શીડ્યુલ) માં દર્શાવ્યા મુજબની ફી કે ચાર્જ બેંક દ્વારા માંગવામા આવશે.

Xi] ઈએમઆઈ સુવિધા મેળવવા પર કોઈ પણ રિવૉર્ડ પોઈન્ટ્સ ઓરિજિનલ ટ્રાન્ઝેકશન્સ પર મેળવેલા હોય તો તે રીવર્સ કરાશે. એડ્જ રિવૉર્ડ પોઈન્ટ્સ કે એડ્જ માઈલ્સ કે કેશબેક અને તમામ પ્રકારના અન્ય રિવૉર્ડ પોઈન્ટ્સ ક્રેડિટ કાર્ડ ટ્રાન્ઝેકશન્સ માટે કાપવામાં આવશે અને જે ઈએઆઈમાં કન્વર્ટ કરવામા આવશે. EMI રદ કરવા પર કેશબૅક અને ઇન્ડિગો બ્લુચિપ્સ મૂળ ટ્રાન્ઝેકશન માટે પાછા જમા કરવામાં આવશે.

D) યુપીઆઈ પર એક્સિસ રૂપે ક્રેડિટ કાર્ડ

આ નિયમો અને શરતો વપરાશકર્તા અને એક્સિસ બૅંક વચ્ચેનો કરાર છે અથવા તો કરાર હેઠળના છે અને ઉપરોક્ત સૂચિબદ્ધ ક્રેડિટ કાર્ડ મહત્વના શરતો અને નિયમોથી વધારાના છે, તેનાથી અલગ નથી. આ સુવિધા ફક્ત પાત્રતા માપદંડોને પૂર્ણ કરનારા વપરાશકર્તાઓને જ આપવામા આવશે અને એક્સિસ બૅંકની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી પુરી પાડવામા આવશે. ઉપરાંત એક્સિસ બૅંક દ્વારા કોઈ પણ સમયે વપરાશકર્તાઓને પૂર્વ સૂચના આપીને અથવા તેના વગર બધ કરી શકાય છે.

સેવાઓ માટેની શરતો

યુપીઆઈ પર ક્રેડિટ કાર્ડ માટેના આ નિયમો અને શરતો કોઈ પણ એકાઉન્ટના સામાન્ય નિયમો અને શરતો અથવા એક્સિસ બૅંક દ્વારા તેના ગ્રાહકોને પુરી પાડવામા આવતી કોઈ પણ અન્ય સુવિધા માટેના શરતો અને નિયમો ઉપરાંતના છે.

1. ગ્રાહકની વિનંતી પર એક્સિસ બૅંકની મંજૂરીને આધીન રૂપે ક્રેડિટ કાર્ડની સુવિધા પુરી પાડવામા આવશે.

2. ગ્રાહકે યુપીઆઈ એપ્પિલેકશન સાથે લિન્કેંજ (જોડાણ) મટે તેના એક્સિસ બૅંક રૂપે ક્રેડિટ કાર્ડ સાથે લિન્ક કરાયેલ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર વાપરવાનો રહેશે.

3. એક્સિસ બૅંક રૂપે ક્રેડિટ કાર્ડને એક્ટિવેટ કરવા (ચાલુ કરવા) અને યુપીઆઈ એપ્લિકેશન દ્વારા અધિકૃત પેમેન્ટ માટે છ આંકડાનો યુપીઆઈ પિન સેટ કરવાનો રહેશે. યુપીઆઈ ટ્રાન્ઝેકશન માટે (ઓથેન્ટિકેટિક માટે એટલે કે પ્રમાણિત કરવા માટે) ચાર આંકડાનો પિન ધ્યાને લેવામા નહીં આવે.

4. ક્રેડિટ કાર્ડને તમામ પ્રકારના ટ્રાન્ઝેકશન માટે સક્ષમ બનાવવા માટે યુપીઆઈ પિન સેટઅપ ગ્રાહકની સંમતિ તરીકે ગણવામા આવશે.

5. ગ્રાહકને રૂપે નેટવર્ક પર માત્ર પી2એમ ટ્રાન્ઝેકશન્સ માટે મંજૂરી મળશે.
6. જો તમારા યુપીઆઈ એપ પર ઇન્ટરનેશલ ટ્રાન્ઝેકશન્સ લાગુ હશે તો યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સ પર સીસી પણ લાગુ થશે એટલે કે મંજૂર કરવામા આવશે.
7. પી2પી પર ટ્રાન્ઝેકશન્સ, ડિજિટલ એકાઉન્ટ ખોલવુ, લેન્ડિંગ પ્લેટફોર્મ, વેપારીને ત્યાંથી રોકડ ઉપાડ, એટીએમમાંથી રોકડ ઉપાડ, ઈઆરયુપીઆઈ, આઈપીઓ, વિદેશથી મોકલાયેલી રકમ મેળવવી, મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય કેટેગરી એક્સિસ બેંક તેમજ આરબીઆઈ દ્વારા પ્રતિબિંધ છે અને જેની મંજૂરી નથી.
8. ક્રેડિટ કાર્ડ લિમિટથી ઉપર અને વધારે એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને પુરી પાડવામા આવશે, હયાત યુપીઆઈ ટ્રાન્ઝેક્શન્સ લિમિટ પણ લાગુ થશે.
9. ક્રેડિટ કાર્ડ ટ્રાન્ઝેકશન્સ પર લાગુ કોઈ પણ ફી,ફાઈનાન્સ ચાર્જીસ (નાણાકીય શુલ્ક) અથવા માર્કસઅપ્સ યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સ પર સીસી પર પણ લાગુ થશે.
10. યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સ પર સીસી દ્વારા રોકડ ઉપાડની મંજૂરી પર છુટ આપવામા નહીં આવે.
11. યુપીઆઈ પર સીસી સામે કોઈ પણ ટ્રાન્ઝેકશન તમારા હાલના ક્રેડિટ કાર્ડ લિમિટમાંથી બાદ કરવામા આવશે.
12. એક્સિસ બેંક અથવા જે યુપીઆઈ એપ પર ટ્રાન્ઝેકશન થયુ હોય તેનો સંપર્ક કરીને ચાર્જ અથવા રિફંડ મેળવી શકાય છે.
13. જો ફ્યુઅલ સરચાર્જ (પેટ્રોલ કે ડિઝલ માટે લાગુ ચરચાર્જ) લાગુ કરવામા આવ્યો હોય તો તે એક્સિસ બેંકના સિલેક્ટ કરાયેલા રૂપે ક્રેડિટ કાર્ડ પરના હાલના નિયમો અને શરતો પ્રમાણે માફ કરવામા આવશે.
14. આ સુવિધા ભંડોળ કે ફંડ પ્રાપ્ત કરવા માટે એક્સિસ બેંક રૂપે ક્રેડિટ કાર્ડને મૂળભૂત વિકલ્પ (ડિફોલ્ટ ઓપ્શન) તરીકે સ્વીકારશે નહીં.
15. જો એક્સિસ બેંક રૂપે ક્રેડિટ કાર્ડ રીન્યુ થયુ હોય તો ગ્રાહકે અગાઉના જ સિમ સાથે યુપીઆઈ એપ પર ક્રેડિટ કાર્ડ માટે અદ્યતન ક્રેડિટ કાર્ડ વિગતો સાથે ફરી રજિસ્ટર થવાનું રહેશે.
16. જો ડિવાઈસ (મોબાઈલ) બદલવામા આવ્યુ હોય તો ગ્રાહકે ક્રેડિટ કાર્ડ માટે યુપીઆઈ એપ્લિકેશન પર અગાઉના એ જ સિમકાર્ડ સાથે ફરી રજિસ્ટર થવાનું રહેશે. અગાઉના ડિવાઈસ પર ઈન્સ્ટોલ કરવામા આવેલી એપ્લિકેશન ડી-રજિસ્ટર્ડ થઈ જશે.
17. એમસીસી 6513 દ્વારા ઓળખાયેલા દરેક રેન્ટ પેમેન્ટ માટે ક્રેડિટ કાર્ડ પર 1% રેન્ટ સરચાર્જ ફી યુપીઆઈ ટ્રાન્ઝેકશન રકમ પર વસુલવામા આવશે.

E) ક્રેડિટ કાર્ડનો ઉપયોગ

- ક્રેડિટ કાર્ડ માત્ર વ્યક્તિગત ખર્ચા અને હેતુ માટે જ ઈસ્યુ કરવામા આવે છે કે આપવામા આવે છે. કાર્ડધારક ક્રેડિટકાર્ડનો ઉપયોગ રીસેલ (ફેરવેચાણ) માટે કંઈ પણ ખરીદી કરવા તેમજ કોઈ પણ નાણાકીય નફો કે લાભ મેળવવા વ્યાપારિક અથવા ધંધાકીય હેતુ માટે ન જ કરવો જોઈએ. ક્રેડિટનો ઉપોયગ માત્ર કાયદેસર અને સાચા વ્યક્તિગત હેતુઓ માટે જ થવો જોઈએ. કોઈ પણ મની લોન્ડરિંગ, અસામાજિક કે શંકાસ્પદ પ્રવૃત્તિઓ અથવા ધંધા (બિઝનેસમાં) માં વ્યાપારિક રીતે શોષણાત્મક માટે ઉપયોગ થવો જ ન જોઈએ. (દા.ત. વર્કિંગ કેપિટલ પર્પઝ- કાર્યકારી મૂડી હેતુઓ માટે)
- જોઈનિંગ ફી કે પછી વાર્ષિક ફી, ફોરેક્સ માર્કઅપ, જીએસટી/વેટ, ડીસીસી, ફ્યુઅલ સરચાર્જ, લેટ પેમેન્ટ ફી, વ્યાજ કપાક, રેન્ટ સરચાર્જ ફી અને ચેક બાઉન્સ ફી સહિતની ફી સિવાય અન્ય તમામ ખર્ચા માઈલોસ્ટોન ખર્ચા તરીકે ગણવામા આવશે.
- કાર્ડધારકોને વધુ કિંમતના ટ્રાન્ઝેકશન્સ માટે તેઓના ક્રેડિટ કાર્ડમાં અતિ ચુકવણી માટેની અને તેમની નિયત ક્રેડિટ લિમિટને કૃત્રિમ રીતે વધારવાની મંજૂરી નથી. જો આ પ્રકારની જરૂરિયાત માટે ક્રેડિટ લિમિટ વધારવી હોય તો આ માટે કાર્ડધારકોને બેંકનો સંપર્ક કરવાની સલાહ છે.
- આરબીઆઈના આદેશ મુજબ જો કોઈ પણ ટ્રાન્ઝેકશન્સ પ્રતિબંધિત એમસીસી કોડ્સ પર થયા હોવાનું ધ્યાને આવશે તો બેંક ક્રેડિટ કાર્ડ બ્લોક કરવાનો હક ધરાવે છે.
- એ બાબતની ખાત્રી કરો કે કાર્ડનો વપરાશ નિયમનકારી માર્ગદર્શિકાઓ(રેગ્યુલેટરી ગાઈડલાઈન્સ), નિયમો અને શરતો તેમજ બેંકની લાગુ પોલીસી(નિતિઓ) મુજબ જ થઈ રહ્યો છે. બેંક સમયાંતરે ક્રેડિટ કાર્ડ પરના વપરાશને ચેક કરવાનો અને એક સ્ટેટમેન્ટ સાયકલમાં મંજૂર લિમિટ કરતા વધારે પડતો ક્રેડિટ લિમિટનો ઉપયોગ , કેટલાક નિયત વ્યાપારીક એકમો ખાતે અસામાન્ય કે વધુ પડતો વપરાશ, અન્ય ક્રેડિટ કાર્ડ કે લોન્સમાં રિપેમેન્ટ, બચત ખાતામાં ફંડ ટ્રાન્સફર, વેપારી સાથે સંભવિત મિલિભગત અને-અથવા બિન વ્યક્તિગત કે વ્યવસાય સંબંધિત જરૂરિયાતો માટે ઉપયોગ, અનુચિત રિવોર્ડ પોઈન્ટસ કે કેશબેક કે અન્ય લાભો મેળવવા માટે સુવિધાઓ કે ઓફર્સ કે પ્રોગ્રામ્સનો વધુ પડતો ઉપયોગ અથવા દુરુપયોગ બાબતે તપાસ કરવાનો અધિકાર ધરાવે છે.આવી સ્થિતિમાં એક્સિસ બેંક કાર્ડધારકને કોઈ પણ નોટિસ વિના પોતાની સંપૂર્ણ વિવેક બુદ્ધિથી સંબંધિત ક્રેડિટ કાર્ડને તેમજ તેના વધારાના કે એડઓન ક્રેડિટ કાર્ડસને કેન્સલ કરવાના અને કેશબેક

તેમજ ગ્રાહક દ્વારા મેળવાયેલા રિવોર્ડ પોઇન્ટસને કેન્સલ કરવાના અધિકારીનો ઉપયોગ કરશે. એક્સિસ બેંક ફોન પર અથવા ઔપચારિક સંદેશાવ્યહારના અન્ય કોઈ પણ માધઅયમ દ્વારા પણ તમારી પુછપરછ કરી શકે છે અને વિગતો,માહિતી કે પુરાવા વગેરે ક્રેડિટ કાર્ડ ટ્રાન્ઝેકશન્સ, વપરાશની પેટર્ન વગેરે વિશે માંગી શકે છે.કાર્ડ ધારક દ્વારા કોઈ જવાબ ન મળે કે સંતોષકારક જવાબ ન મળે તો એક્સિસ બેંક દ્વારા ક્રેડિટ કાર્ડ બ્લોક કે બંધ કરવામા આવી શકે છે.

- જો કાર્ડધારકનું એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ કોઈ પણ સમયે કોઈ પણ કારણથી બંધ થાય પછી ભલે તે કાર્ડધારક દ્વારા થયુ હોય કે બેંક દ્વારા, કાર્ડધારક રીવોર્ડ્સ કે કેશબેક અને તમામ વણવપરાયેલા રીવોર્ડ્સ-કેશબેક કમાવવા માટે ગેરલાયક ઠરશે તેમજ સ્વૈચ્છિક કે અનૈચ્છિક રીતે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ રદ થયા બાદ મેળવાયેલા તમામ રીવોર્ડસ-કેશબેક્સ આપોઆપ જપ્ત થઈ જશે.
- જો ગ્રાહક દ્વારા નિયમો તેમજ શરતોના ભંગ બદલ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડને બેંક દ્વારા બંધ કરી દેવામા આવશે કે ટર્મિનેટ કરી દેવામા આવશે તો કાર્ડધારકને એનઓસી નહીં આપવામા આવે.
- જે દિવસે કે જે તારીખે રીવોર્ડસ પોઈન્ટસને રૂપાંતરીત કરીને લાભ મેળવવાના હોય અથવા તો રીડમ્પશન કરવાનું હોય તે દિવસે કે તે તારીખે કાર્ડ પાછું ખેંચી લેવામા આવ્યુ હોય અથવા રદ કરવામા આવ્યુ હોય કે પછી રદ થવાને પાત્ર હોય કે અથવા તો કાર્ડસભ્યનું એકાઉન્ટ (ખાતુ) ગુનાહિત પ્રવૃત્તિઓ ધરાવતુ હોય તો રૂપાંતર દ્વારા રિવોર્ડસ્ પોઈન્ટસનો કોઈ લાભ અથવા રિડેમ્પશન માન્ય રહેશે નહીં.
- બેંક કોઈ પણ સમયે પૂર્વ સૂચના વિના અથવા કોઈ પણ કારણ આપ્યા વિના વ્યાપારિક એકમો ખાતે ટ્રાન્ઝેકશન દરમિયાન લાગવામા આવેલ ચાર્જને અધિકૃત કે માન્ય કરવા નકારી શકે છે, અને-અથવા કાર્ડ મેમ્બરની કાર્ડના વપરાશ માટેની ક્ષમતાને પ્રતિબંધિત અથવા તો મુલતવી કરી શકે છે અને-અથવા કાર્ડને રદ કે સસ્પેન્ડ કરી શકે છે. જો બેંકને વ્યાજબી લાગે કે ક્રેડિટ અથવા બિઝનેસ જોખમના યોગ્ય સંચાલન માટે જરૂરી છે અથવા તો કાર્ડ કે કાર્ડ એકા ઉન્ટનો દુરુપયોગ થયો છે કે દુરુપયોગ સમાન છે તો બેંક પોતે અથવા એટીએમ અથવા વ્યાપારિક એકમો દ્વારા ક્રેડિટ કાર્ડને રાખી શકે છે કે કબ્જો મેળવી શકે છે.
- બેંક તમારા પ્રત્યે કોઈ પણ પ્રકારે જવાબદાર રહ્યા વિના તેના સંપૂર્ણ એકાધિકાર દ્વારા કાર્ડ સ્થગિત કરી શકે છે કે પાછુ ખેંચી શકે છે. કાર્ડ ટર્મિનેટ થવા પર (સમાપ્ત થવા પર) અને આ કાર્ડમેમ્બર એગ્રિમેન્ટ (કરાર) સમાપ્ત થવા પર કાર્ડ સાથે જોડાયેલી તમામ સુવિધાઓ, લાભો અને વિશેષાધિકારીઓ આપોઆપ સમાપ્ત થઈ જશે.

- કાર્ડ એમ્બોસિંગ માટે મહત્તમ લંબાઈ 19 અક્ષરો છે. જો એમ્બોસિંગ નામ આ મર્યાદા કરતાં વધી જાય, તો કાર્ડ પર પ્રક્રિયા કરવામાં આવશે નહીં.
- બેંક 30 દિવસની પૂર્વ સંચાર સાથે કોઈપણ સમયે કોઈપણ ક્રેડિટ કાર્ડ પર સુવિધાઓ અને લાભો બદલી શકે છે.
- કાર્ડધારકે કાર્ડ જારી કરવાની તારીખથી 30 દિવસની અંદર કાર્ડ ઍક્ટિવેટ કરવાની જરૂર છે, અન્યથા, આગામી 7 દિવસમાં કાર્ડ કાયમી ધોરણે ડીઍક્ટિવેટ કરવામાં આવશે.
- જો ક્રેડિટ કાર્ડ એક વર્ષ કરતા વધુ સમયથી વપરાયુ ન હોય કે વપરાશમાં ન હોય તો બેંક કાર્ડધારકને જાણ કર્યા બાદ કાર્ડને બંધ કરવા માટેની પ્રક્રિયા શરૂ કરશે. જો કાર્ડધારક તરફથી 30 દિવસમાં કોઈ પણ જવાબ ન આવે તો કાર્ડ એકાઉન્ટ કાર્ડધારક દ્વારા તમામ બાકી રકમની ચુકવણીને આધીન બંધ રહેશે.
- કાર્ડધારક માત્ર એક વખત એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ માટે વેલકમ બેનિફિટ (લાભ) મેળવવા માટે હકદાર છે. જો કાર્ડ કેન્સલ થયુ હોય અને આગળ ફરીથી તે જ પ્રકારનું કાર્ડ શરૂ થયુ હોય તો વેલકમ બેનિફિટ લાગુ નહીં થાય.
- જો કાર્ડધારક વાર્ષિક ફી લાગુ કરાયા બાદ કોઈ પણ ટ્રાન્ઝેકશન (ઈએમઆઈ ટ્રાન્ઝેકશન સહિત) માટે કાર્ડનો વપરાશ કરે તો કાર્ડધારકની વાર્ષિક ફી (એન્યુઅલ ફી) રીવર્સલ (પરત) કરવાની વિનંતીને સ્વીકારવામા આવશે નહીં ભલે પછી કાર્ડધારકે કાર્ડ કેન્સલ કરવા માટેનો વિકલ્પ પણ કેમ પસંદ ન કર્યો હોય.

- બહુવિધ ક્રેડિટ કાર્ડ અરજીઓ બહુવિધ ક્રેડિટ પૂછપરછ તરફ દોરી શકે છે, જે સંભવિત રીતે ક્રેડિટ સ્કોર્સને અસર કરી શકે છે.
- 1 લી ઑક્ટોબર 2025 થી અમલમાં આવતા, બેંક ગ્રાહકના ક્રેડિટ કાર્ડ બંધ થયાના 30 દિવસ પછી અથવા ગ્રાહકના ક્રેડિટ કાર્ડ પર બાકી રહેલી લઘુત્તમ રકમ 90 દિવસથી વધુ સમય માટે બાકી રહે તો કોઈપણ અનરિડીમ કરેલ **એજ રિવોર્ડ** પોઈન્ટ્સ/માઈલ્સ જપ્ત કરશે.

F) ટર્નઅરાઉન્ડ ટાઈમ (ટીએટી) સાથે ચુકવણી (પેમેન્ટ) ની પદ્ધતિ

ચુકવણી ખરા અર્થમાં ત્યારે થઈ ગણાશે કે જ્યારે ગ્રાહક દ્વારા કરવામા આવી હોય અને વેપારી તરફથી તેને મેળવવામા આવી હોય.

મહેરબાની કરીને એ વાતને ધ્યાનમાં લેવી કે ક્રેડિટકાર્ડમાં જો વધારે ક્રેડિટ બેલેન્સ હશે કે જમા હશે અને જે આઉટસ્ટેન્ડિંગ બેલેન્સ કરતા વધુ હશે તેમજ ક્રેડિટ કાર્ડ ડ્યુ ડેટ (ચુકવણીની અંતિમ તારીખ) સુધી વણવપરાયેલ હશે તો બેંક સાથે લિન્ક થયેલ એકાઉન્ટમાં ટ્રાન્શફર થશે.

1. **રોકડ*:** કાર્ડધારક પોતાના કાર્ડ પેમેન્ટ માટે એક્સિસ બેંકની કોઈ પણ બ્રાંચમાં જઈને રોકડા જમા કરાવી ચુકવણી કરી શકે છે. આ પ્રકારે બ્રાચોમાં ચુકવણી માટે પ્રતિ ચુકવણી વ્યવહાર (પેમેન્ટ ટ્રાન્ઝેકશન) માટે રૂ.175 ફી લેવામા આવશે.

રોકડ ચુકવણીના ક્લિયરન્સ માટે ટીએટી (ટર્નઆઉટ ટાઈમ)- તે જ દિવસ

2. **ચેક/ડ્રાફ્ટ*:** ચેક અથવા તો ડ્રાફ્ટ એક્સિસ બેંક ક્રેડિટ ન. XXXXXXXXXXXXXXX નામથી તૈયાર કરીને એમઆઈએનસીના કલેકશન બોક્સ કે પછી સ્કાઈફીન બોક્સીસમાં નાખવાનો રહેશે અથવા તો એક્સિસ બેંકના બ્રાંચમાં કાઉન્ટ પર આપવાનો રહેશે. નક્કી કરાયેલા ચોક્કસ શહેરો (આવા નક્કી કરાયેલા ચોક્કસ શહેરોની યાદી બેંક દ્વારા સમય સમય પર નક્કી કરવામા આવે છે અને વિનંતી પર તે ઉપલબ્ધ કરાવાશે) સિવાયના આઉટસ્ટેશનના ચેકો કે ડ્રાફ્ટ પર પ્રોસેસિંગ ફી લાગુ થઈ શકે છે.

   ટીએટી એક્સિસ બેંક ચેકના ક્લિયરન્સ માટે-1 કામકાજનો દિવસ ટીએટી અન્ય બેંકના ચેકના ક્લિયરન્સ માટે- 3 થી 5 કામકાજના દિવસો (આઉટસ્ટેશનના ચેક ક્લિયરન્સ માટે વધારાનો એક દિવસ લાગશે. બ્રાંચમાં જઈને તપાસ કરવા વિનંતી)

   *જો ક્રેડિટ કાર્ડમાં ચુકવણીની નિયત તારીખ બીજા અને ચોથા શનિવારે કે રવિવારે આવતી હશે તો તમામ બ્રાંચો ચેક સ્વીકારવા કે રોકડ ચુકવણી માટે બંધ રહેશે.

3. **ઈન્ટરનેટ પેમેન્ટ લિન્ક થયેલા એક્સિસ બેંક સેવિંગ એકાઉન્ટ દ્વારા:** કાર્ડધારક એક્સિસ બેંકની વેબસાઈટ પર જઈને ઓનલાઈન પેમેન્ટ પણ કરી શકે છે. જે માટે માત્ર www.axis.bank.in પર લોગઈન કરવાનું રહેશે. આ પ્રક્રિયામાં ક્લીયરન્સનો સમય કામકાજના એક દિવસનો રહેશે.

4. **ઓટો ડેબિટ:** કાર્ડધારક ક્રેડિટ કાર્ડમાં બાકી રકમની ચુકવણી પોતાના બચત ખાતામાંથી ઓટો ડેબિટ દ્વારા પણ સીધી કરી છે.જેમાં ગ્રાહક દ્વારા અપાયેલી લેખિત સૂચના કે સંમતિ દ્વારા દર મહિને ડ્યુ ડેટ એટલે કે ચુકવણીની અંતિમ તારીખે રકમ બચતમાંથી ઓટો ડેબિટ ઓપ્શન મુજબ કપાઈ જશે. જો પેમેન્ટની અંતિમ તારીખ રવિવારે આવતી હોય તો રકમ એકાઉન્ટ કે ખાતામાંથી આગળના દિવસે કપાશે. જેમાં ક્લિયરન્સનો સમયગાળો 1 કામકાજનો દિવસ રહેશે.

5. **ચુકવણી, એનઈએફટી વિઝા મની ટ્રાન્સફર માટે ક્લિક કરો:** તમારા એક્સિસ બેંક ક્રેડિટમાં બાકી રકમની ચુકવણી તમે તમારા અન્ય કોઈ પણ બેંક બચત ખાતામાંથી પે, એનઈએફટી કે વીએમટ પર ક્લિક કરીને કરી શકો છો.

   પે ક્લિયરન્સ માટે ટીએટી-3 કામકાજના દિવસો

   એનઈએફટી ક્લિયરન્સ માટે ટીએટી-1 કામકાજનો દિવસ

   વીએમટી ક્લિયરન્સ માટે ટીએટી-2 કામકાજના દિવસો

6. **એટીએમ દ્વારા ચુકવણી:** તમે તમારા એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડની બાકી રકમની ચુકવણી તમારા એક્સિસ બેંક ડેબિટ કાર્ડ દ્વારા કોઈ પણ એક્સિસ બેંક એટીએમ પરથી કરી શકો છો. ટીએટી એટલે કે ટાઈમ ટર્નઆઉટ ટાઈમ (આ દ્વારા ચુકવણી મંજૂર થવાની પ્રક્રિયાનો સમયગાળો) 1 કામકાજી દિવસ રહેશે.

7. **આઈએમપીએસ ક્રેડિટ કાર્ડ પેમેન્ટ:** આઈએમપીએસ સાથે કાર્ડધારકો અન્ય કોઈ પણ બેંક મોબાઈલ એપ્લિકેશન દ્વારા ત્વરીત કોઈ પણ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડમાં પેમેન્ટ કરી શકશે.ચુકવણી માટે એકથી વધુ એક્સિસ ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ તમારા મોબાઈલ એપ્લિકેશન્સમાં રજિસ્ટર્ડ થઈ શકશે. અને તમારા સાથી કે મિત્ર કે પતિ-પત્નીમાંથી કોઈ પણ એક અન્ય કોઈના ક્રેડિટ કાર્ડમાં આ સુવિધા દ્વારા ચુકવણી કરી શકશે.

   ક્લિઅરન્સ માટે ટીએટી-એ જ દિવસે

8. **થર્ડી પાર્ટી ચેનલ્સ દ્વારા ચુકવણી કે પેમેન્ટ:** એક્સિસ બેંક કાર્ડધારકોને તેઓના ક્રેડિટ કાર્ડની બાકી રકમની ચુકવણી માટે ઉપરની પદ્ધતિનો ઉપયોગ કરવાની ભલામણ કરતી નથી. અન્ય ચેનલ્સ કે અન્ય કોઈ પણ થર્ડ પાર્ટી એપ્લિકેશન્સ કે જે એક્સિસ બેંક સાથે જોડાયેલ ન હોય તેના દ્વારા ક્રેડિટ કાર્ડની કોઈ પણ ચુકવણી હશે તો ક્લિઅરન્સમાં સમયગાળો (ક્લિઅરન્સ ટીએટી) વધુ થઈ શકે છે. ઉપરાંત ડ્યુ ડેટ પર એટલે કે ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં બેંકને પમેન્ટ નહીં મળ્યુ હોય તો પેનલ ચાર્જીસ પણ કાર્ડના પ્રકાર મજબ લાગુ થશે. બિનજોડાણ ધરાવતી ચેનલ્સ દ્વારા ચુકવણી બાદ ક્લિઅરન્સમાં વિલંબકે કાર્ડમાં પેમેન્ટ થયાનું ન દેખાવુ કે અન્ય કોઈ પણ ફરીયાદ કે પુછપરછ માટે ગ્રાહક જે તે ચેનલ્સ સીધા જ સંપર્ક કરી શકે છે.

9. **નોન રેસિડેન્ટ (બિન નિવાસી) કાર્ડધારકો માટે પેમેન્ટ:** બેંક તેના નોન રેસિડેન્ટ (બિનનિવાસી) ક્રેડિટ કાર્ડધારકોને ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડની સુવિધા પુરી પાડે છે અને એક્સિસ બેંક એનઆરઆઈ એકાઉન્ટ દ્વારા આવા ક્રેડિટકાર્ડ પર ચુકવણી ફરજીયાત બનાવે છે. બિનનિવાસી ક્રેડિટ કાર્ડધારકો માટે આવા એક્સિસ બેંક એનઆરઆઈ એકાઉન્ટમાંથી ઓટો

ડેબિટ (આપોઆપ કપાત) ફરજીયાત છે. જો એક્સિસ બેંક એનઆરઓ એકાઉન્ટમાંથી ચુકવણી (પેમેન્ટ) કરવામા આવી હોય તો 15 સીએ/સીબી અને એનઆરઓ બેંક એકાઉન્ટ ચેક સહિતના કેટલાક ચોક્કસ ડોક્યુમેન્ટસ એનઆરઓમાંથી થતી દરેક ચુકવણી સમયે જરૂરી છે. જરૂરી ડોક્યુમેન્ટ સબમીટ કર્યા વિના નોન-એનઆરઆઈ સોર્સમાંથી ચુકવણીના કિસ્સામાં બેંક નોન એનઆરઆઈ સોર્સ સ્થાપવામા અથવા નોન એનઆરઆઈ સોર્સમાંથી થઈ હોવાનું માનવાને સક્ષમ છે.આવા કિસ્સામાં બેંકને જ્યાં સુધી જરૂરી ડોક્યુમેન્ટ પુરા પાડવામા ન આવે ત્યાં સુધી બેંક કાર્ડ પર ઈન્ટરનેશનલ વપરાશ ડીએક્ટિવેટ કરવા માટે હકો ધરાવે છે. નિયત સમયમાં જરૂરી ડોક્યુમેન્ટ પુરા પાડવામા ન આવે ત્યારે ડોક્યુમેન્ટ્સની ગેરહાજરીમાં બેંક ગ્રાહકને ફેમા(એફઈએમએ) 1999 (તા. 1 જાન્યુઆરી 2016 ના એફઈડી માસ્ટર ડાયરેકશન ન. 4 2015-16 અને 4 જાન્યુઆરી 2021 ના રોજ અપડેટ થયેલા) હેઠળ માસ્ટર ડાયરેકશન-કમાઉન્ડિંગ ઓફ કન્વર્ઝેશન કમ્પાઉન્ડિંગમાં કમ્પાઉન્ડિંગ કવર માટે આદેશ કરી શકે છે. કમ્પાઉન્ડિંગ વિશે વધુ જાણવા માટે નીચેની લિંક પર ક્લિક કરીને વધુ માહિતી મેળવી શકો છો. https://m.rbi.org.in/SCRIPTs/FAQView.aspx?Id=80

10. ક્રેડિટ કાર્ડ એકાઉન્ટમાંની કોઈ પણ અન્ય ક્રેડિટ ગ્રાહક દ્વારા કરાયેલ પેમન્ટ કે વેપારીના રિફંડ સિવાયની હોય તો આવા કિસ્સમાં આ ક્રેડિટ્સ લઘુતમ બાકી રકમ સામે સરભર કરવા તરીકે નહીં ગણવામા આવે. જેથી, ગ્રાહકોને વિનંતી કરવામા આવે છે કે ન્યુનત બાકી રકમ જેટલી જ કે તેના કરતા વધુ રકમની ચુકવણી કરવાની ઈચ્છા હોય તો ચુકવણી કરતા સમયે આવી ક્રેડિટ ઘટાડવામા ન આવે. આ ક્રેડિટ્સમાં કેશબેક તેમજ સર્વિસ રીવર્સલ વગેરેનો સમાવેશ થાય છે.

    ખાત્રી રાખો, આવી ક્રેડિટ્સને પછીના મહિનાઓમાં બાકી રકમની ગણતરી કરવા માટે ધ્યાનમાં લેવામા આવશે. આવા કિસ્સાઓમાં લઘુત્તમ રકમ ચુકવવામા જો નિષ્ફળ થાવ તો ફી અને ચાર્જ વસુલવામા આવી શકે છે.

11. **NACH આદેશ દ્વારા ચુકવણી:** NACH આદેશ ચુકવણીની નિયત તારીખના 1 દિવસ પહેલા અમલમાં મૂકવામાં આવશે

G) કાર્ડ મેમ્બરશિપ સમાપ્ત થવી કે સરન્ડર થવી કે રદ થવી

કાર્ડધારક કોઈ પણ સમયે કોઈ પણ પૂર્વ સૂચના વિના કાર્ડ અકાઉન્ટને સમાપ્ત કરવા માટે કે સરન્ડર કરવા માટેનો વિકલ્પ પસંદ કરી શકે છે. કાર્ડનો દુરૂપયોગ ટાળવા માટે એ સલાહ આપવામા આવે છે કે ક્રેડિટ કાર્ડને ચાર ટુકડામાં કાપી નાખો અને કાર્ડ પરનો હોલોગ્રામ તથા મેગ્નેટિક સ્ટ્રિપ કાયમી ધોરણે તુટી ગયા છે કે નહીં તેની ખાત્રી કરી લો. કાર્ડધારક કોઈ પણ સમયે કસ્ટમર સર્વિસ (ગ્રાહક સુવિધા) ઈમેઈલ આઈડી પર કાર્ડનો સંપૂર્ણ નંબર લખીને મેઈલ કરી અથવા કસ્ટમર કેર નંબર પર ફોન કરીને પોતાની કાર્ડ મેમ્બરશિપ સમાપ્ત (ટર્મિનેટ) કરી શકે છે. (વિભાગ "સંપર્ક ચેનલો" જુઓ). જે એકાઉન્ટને ટર્મિનેટ કરવા માટે વિનંતી કે રજૂઆત મળી હોય તે એકાઉન્ટમાં જો બાકી રકમની કે કુલ આઉટસ્ટેન્ડિંગ રકમની સંપૂર્ણ ચુકવણી થઈ ગઈ હશે તો

જ કાર્ડની સમાપ્તિ (કાર્ડ ટર્મિનેશન) થશે. કાર્ડ એકાઉન્ટ બંધ થયા પછી પણ કાર્ડ પરની બાકી રકમ સંપૂર્ણપણે ચુકવવામા ન આવે ત્યાં સુધી નાણાકીય શુલ્ક એટલે કે ફાઈનાન્સિયલ ચાર્જ લાગુ રહેશે. જો કાર્ડધારક કે ગ્રાહક પોતાના ક્રેડિટ કાર્ડને રદ કરવા માટે બેંકનો ટેલિફોનિક સંપર્ક કરે અને અચાનક ફોન ડિસકનેક્ટ થઈ જાય એટલે કે કપાઈ જાય અથવા પહોંચની બહાર થઈ જાય તો આવા કિસ્સામાં ક્રેડિટ કાર્ડ હંગામી ધોરણે બ્લોક કરવામા આવશે.

ઉપરાંત બેંક પણ ગ્રાહકનો પછીના ચાર દિવસો (કામકાજના) માં સંપર્ક કરશે. જો ગ્રાહકનો સંપર્ક હજુ પણ સતત ન થઈ શકે કે ગ્રાહક દ્વારા પણ બેંકનો સંપર્ક ફરીથી કરવામા ન આવે તો તેઓનું ક્રેડિટ કાર્ડ રદ કરવા માટે પ્રક્રિયામાં મુકવામા આવશે. ક્રેડિટ કાર્ડ પરના બાકી લેણાં કે બાકી રકમ ધ્યાને આવશે તો તે આગામી સ્ટેમેન્ટ સાયકલમાં દર્શાવાશે.
જ્યાં સુધી બાકી રકમની ચુંકવણી નહીં થાય ત્યાં સુધી કાર્ડ હંગામી ધોરણે ચાલુ રહેશે અને તમામ લેણાં ચુકવાઈ જશે કે કાર્ડ કાયમી ધોરણે રદ થશે.
જો ક્રેડિટ કાર્ડ એક વર્ષ કરતા વધુ સમયથી વપરાશમાં ન હોય કે તેનો ઉપયોગ ન થયો હોય તો બેંક કાર્ડને બંધ કરવા માટે પ્રક્રિયા શરૂ કરશે. આવા કેસોમાં બેંક ગ્રાહકને જાણ પણ કરશે અને સૂચિત કરવા માટે કે જાણ કરવા માટે અપાયેલી સમય મર્યાદામા જો ગ્રાહક તરફથી કોઈ પણ જવાબ નહીં આવે તો બેંક કાર્ડધારક દ્વારા બાકી ચુકવણીની રકમને આધીન કાર્ડ અકાઉન્ટ (જો કોઈ એડઓન કાર્ડ હોય તે સાથે) બંધ કરશે.

જો કાર્ડધારક પાસે નેગેટિવ એજ રિવોર્ડ પોઈન્ટ્સ/માઈલ્સ બેલેન્સ હોય, તો આવા નેગેટિવ રિવોર્ડ પોઈન્ટ્સ/માઈલ્સનું સમકક્ષ મૂલ્ય બેંકના વિવેકબુદ્ધિ મુજબ સ્ટેટમેન્ટ ડેબિટમાં રૂપાંતરિત થઈ શકે છે અને કાર્ડધારક દ્વારા અન્ય કોઈપણ બાકી રકમ સાથે ચૂકવવાનું ફરજિયાત છે.

કાર્ડ ખાતા પર બાકી રહેલી તમામ રકમ ચૂકવ્યા પછી સમાપ્તિ અસરકારક રહેશે. કોઈ વાર્ષિક, જોડાવાની અથવા નવીકરણ ફી પ્રમાણસર ધોરણે પરત કરવામાં આવશે નહીં.

ઉદાહરણ - 1000 ના નેગેટિવ રિવોર્ડ પોઈન્ટ બેલેન્સને 200 રૂપિયાના સ્ટેટમેન્ટ ડેબિટમાં રૂપાંતરિત કરવામાં આવશે એટલે કે 1000 નેગેટિવ રિવોર્ડ પોઈન્ટ્સ X રૂપિયા 0.20 પ્રતિ રિવોર્ડ પોઈન્ટ. તેવી જ રીતે-1000 એજ માઈલ્સના નેગેટિવ માઈલ બેલેન્સને 1000 રૂપિયાના સ્ટેટમેન્ટ ડેબિટમાં રૂપાંતરિત કરવામાં આવશે (આ રૂપાંતર મૂલ્ય વિવિધ કાર્ડ પ્રકારો માટે અલગ અલગ હોઈ શકે છે). આ રકમ કાર્ડધારકના ખાતામાંથી વસૂલવામાં આવશે અને કાર્ડધારક દ્વારા અન્ય કોઈપણ બાકી રકમ સાથે ચૂકવવાની રહેશે. જો કોઈ કારણોસર પ્રાથમિક કાર્ડ સમાપ્ત થાય છે, તો વધારાના કાર્ડની સુવિધા સમાપ્ત થઈ જશે.

બેંક કાર્ડને ગ્રાહકની ઈચ્છા વિરૂદ્ધ ક્રેડિ કાર્ડ ડિસ્પેચ નહીં કરે એટલે કે નહીં મોકલે સિવાય કે કાર્ડ રિપ્લેસમેન્ટ અથવા તો રીન્યુઅલ હોય અને ગ્રાહક પાસે પહેલેથી કાર્ડ ધરાવતા હોય. જો ગ્રાહકની વિનંતી પર કાર્ડ બ્લૉક કરવામા આવશે તો રીપ્લસમેન્ટ એટલે કે બદલામાં નવુ કાર્ડ ગ્રાહકની સ્પષ્ટ સંમતિ પર જ ઈસ્યુ કરવામા આવશે. વધુમાં ગ્રાહક જો કાર્ડ રીન્યુ કરવા ન ઈચ્છે તો તે કાર્ડને કેન્સલ કરવા માટે બંકનો સંપર્ક કરવાની પણ ચોઈસ કરી શકે છે.

કાર્ડ કેન્સલ કે રદ થવાના કેસમાં ગ્રાહક કે કાર્ડધારક દ્વારા મેળવવામા આવેલ ઈએમઆઈ કે આઈએલસીસી પણ બંધ થશે ફોરક્લોઝર એટલે કે બંધ થવા માટેના ચાર્જીસ પણ જીએસટી સાથે વસુલવામા આવશે.

ક્રેડિટ કાર્ડ રીન્યુ કરવા સંદર્ભે નિયમો અને શરતો માટે - https://www.axisbank.in/ncmitc વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી.

કાર્ડ રદ થવાથી કાર્ડધારક દ્વારા કાર્ડ પર લેવાયેલ ઈન્સ્ટન્ટ (ત્વરીત) લોન કે ઈએમઆઈ પણ બંધ કરવામા આવશે અને જે માટે (લોન ફોરક્લોઝર) જીએસટી સાથેના ચાર્જીસ પણ લાગુ થશે.

H) કાર્ડસનો દૂરપયોગ, ચોરાઈ જવુ કે ખોવાઈ જવુ કે કાર્ડનો દુરુપયોગ

જો કાર્ડ ખોવાઈ જાય કે ચોરાઈ જાય કે પછી અન્ય કોઈ વ્યક્તિ તમારો પિન નંબર અથવા સિક્યુરિટી સંબંધિત માહિતી જાણતો અથવા તો તેનો તમારી મંજૂરી વિના ઉપયોગ થયો હોય તો તાત્કાલિક બેંકને તમારે જાણ કરી જ દેવી જોઈએ. (વિભાગ "સંપર્ક ચેનલો" નો સંદર્ભ લો).

ખોવાયેલ કાર્ડનો વિકલ્પ નીચેના નંબરો પર 0 તરીકે આપવામાં આવે છે: 1800 209 5577 (ટોલ-ફ્રી) અને 1800 103 5577 (ટોલ-ફ્રી). ભારતની બહારથી બેંકમાં ફોન કરતા સ્થાનિક ગ્રાહકો અમને 022 6798 7700 પર કૉલ કરી શકે છે.

પોલીસ ફરિયાદ કે એફઆઈઆર (ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ) પણ તરત જ નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધાવી જોઈએ અને ત્યારબાદ તેની કોપી બેંકમાં સબમીટ કરવાની રહેશે. જો કાર્ડનો દુરૂપયોગ થાય તો બેંકની જવાબદારી ખોવાઈ ગયેલ કાર્ડ જવાબદારી (લોસ્ટ કાર્ડ લાયબિલિટી) અંતર્ગત રકમ પરત મેળવવા કે કવર કરવા માટે મર્યાદીત રહેશે.ઉપરાંત આ બાબત પણ પોલીસીની શરતો અને નિયમોની પરિપૂર્ણતા પર આધાર રાખે છે. કાર્ડના એટીએમ અથવા પિન કે પાસવર્ડ કે ઓટીપી કે એમપીન અથવા તો સીવીવી આધારીત ટ્રાન્ઝકેશન્સથી કોઈ પણ પ્રકારના દુરુપયોગ માટે કાર્ડધારક પોતે જ સંપૂર્ણ રીતે જવાબદાર રહેશે.

I) પિન સુરક્ષિત રાખવા બાબતે પ્રત્યાયન (કમ્પ્યુનિકેશન)

કાર્ડના ઉપયોગ માટે જે પણ પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર (પિન-વ્યક્તિગત ઓળખ નંબર) ઈસ્યુ કરવામા આવે કે આપવામા આવે અથવા તો ગ્રાહક દ્વારા પોતાની રીતે જે પણ પિન નંબર પસંદ કરવામા આવ્યો હોય તેની જાણ માત્ર કાર્ડધારકને જ હોવી જોઈએ. પિન માત્ર કાર્ડધારકના વ્યક્ગિતગત ઉપયોગ માટે જ છે અને જે અન્ય કોઈને ટ્રાન્સફર કે તબદીલ નહીં કરી શકાય તથા સંપૂર્ણ રીતે ખાનગી રહેશે. પિન નંબર કોઈ પણ રીતે લખાણના સ્વરૂપમાં રાખવામા ન આવે કે કોઈ પણ જગ્યાએ લખેલો ન હોવો જોઈએ કે જેથી કરીને અન્ય ત્રાહિત પક્ષ દ્વારા તેનો ઉપયોગ થાય. પિન નંબર સ્વૈચ્છિક રીતે કે અન્ય કોઈ પણ રીતે અથવા કોઈ પણ પ્રકારે અન્ય કોઈ પણ થર્ડ પાર્ટી (ત્રાહિત પક્ષ) સામે જાહેર ન થવો જોઈએ પછી ભલે તે બેંકના સ્ટાફ મેમ્બર પણ કેમ ન હોય. કાર્ડધારક સિવાય બેંક કાર્ડધારકનો પિન નંબર ઈસ્યુ કરતા સમયે તેની ખૂબ જ કાળજી રાખશે.

કાર્ડધારકો માટે ઈન્સ્યોરન્સમાં સમાવિષ્ટ થતી બાબતો

કાર્ડના પ્રકારના આધારે ઈન્સ્યોરન્સમાં કવર થનારી એટલે કે સમાવિષ્ટ બાબતોનો સમાવેશ થાય છે અને જે નીચે મુજબ લાગુ થશે. લાગુ થનાર ઈન્સ્યોરન્સ સમાવિષ્ટ બાબતો માટે વેલકમ બૂકલેટને ધ્યાનથી વાંચીને સમજી લેવા વીનંતી

એર એક્સિડેન્ટ કવર: એર એક્સિડેન્ટ એટલે કે વિમાન કે હવાઈ અકસ્માત ત્યારે માન્ય થશે કે જ્યારે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ વ્યાપારીક એકમોમાં ખરીદદારી માટે ઉપયોગમાં લેવાયુ કે પછી રોકડ ઉપાડ માટે એટીએમમાં વપરાયુ હોય અને તે પણ ઘટનાના 90 દિવસ પહેલા વપરાશ થયેલો હોવો જોઈએ. ઉપરાંત એર ટીકિટ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદાયેલી હોવી જોઈએ.કાર્ડધારકના નોમિની કે આશ્રિત હવાઈ અકસ્માત વીમા પોલીસી હેઠળ કોઈ પણ રકમ માટે હકદાર રહેશે નહીં સિવાય કે એક્સિસ કે એક્સિસ બેંક સાથેના બધાં લેણાં ચુકવવામા આવે. બાકી રકમને સમાયોજિત કરવા માટે વીમા રકમ પર એક્સિ બેંકનો પ્રથમ અધિકાર કે પૂર્વઅધિકાર રહેશે.

નોંધઃ વિમાન અકસ્માત સમાવેશ 31 ઓક્ટોબર 2022 થી બંધ કરવામા આવ્યો છે.

કાર્ડ ખોવાઈ જાય તો ઝીરો જવાબદારીઃ છેતરપીંડીયુક્ત કોઈ પણ વ્યવહાર સામે રક્ષણ ઉપલબ્ધ છે. જો કાર્ડ ખોવાય જાય તો કાર્ડધારક દ્વારા કાર્ડ ખોવાયાની જાણ એક્સિસ બેંકને કર્યાના સમયથી 30 દિવસ પહેલાનો સમયગાળો કવર થાય છે એટલે કે ગણવામા આવશે. આ સુરક્ષા કવર ફક્ત છેતરપીંડીના વ્યવહારો માટે માન્ય ગણાશે અને તે માટે એફઆઈઆર નોંધાયેલી હોવી ફરજીયાત છે. આ રક્ષણ કવર એટીએમ અને પિન કે પાસવર્ડ કે ઓટીપી અથવા એમપિન કે સીવીવી આધારિત વ્યવહારો માટે માન્ય નથી.

ખરીદી સામે રક્ષણઃ ક્રેડિટ કાર્ડ પરથી ખરીદી કર્યાના 90 દિવસની અંદર આગની કોઈ ઘટનામાં નુકશાન કે ચોરી સામે રક્ષણ મળશે. પરંતુ એફઆઈઆર નોંધાયેલ હોવી ફરજીયાત છે. ગ્રાહક તરફથી ગંભીર બેદરકારીને લીધે થયેલ કોઈ પણ નુકશાન કવર નહીં થાય. ઝવેરાત અને અન્ય નાશવંત વસ્તુઓને આ રક્ષણ હેઠળ આવરી લેવામાં નહીં આવે.

કિંમત રક્ષણઃ કિંમત સામે રક્ષણ એટલે કે નિયમ મુજબ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા કોઈ વસ્તુ માટે ચુકવામા આવેલી કિંમત અને તે જ વસ્તુ (સમાન બ્રાન્ડ, સમાન બનાવટ, મોડલ નામ અને કે અથવા નંબર) માટે ઓછી કિંમતની જાહેરાત હોય ક છપાઈ હોય તો તફાવત રકમ ભરપાઈ આ પ્રોટેકશન હેઠળ કરાશે. આ રક્ષણ હેઠળ ફક્ત એમેઝોન, ફ્લિપકાર્ટ અથવા પ્રતિષ્ઠિત ઓનલાઈન ખરીદી સાઈટ પર 2500 રૂપિયાથી વધુની મૂળ ખરીદી કિંમતવાળી કઈ પણ વસ્તુ માટે લાગુ પડશે. ઓછી કિંમત એ જ સમાન ઈ-કોમર્સ કંપની પર હોવી જોઈએ, છાપેલી જાહેરાત ખરીદીના 3 દિવસની અંદર પ્રકાશિત થવી જોઈએ અને દાવાની જાણ છાપેલી જાહેરાતના 7 દિવસની અંદર થવી જોઈએ. (આ સુવિધા હેઠળ આવરી લેવામા આવતી વસ્તુઓ માટે બેંકનો સંપર્ક કરો)

ક્રેડિટ કવચઃ અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં કાર્ડ પર બાકી રહેલી રકમ સુધી એક ચોક્કસ રકમ કવર આ નિયમમાં કવર થશે

વિદેશ પ્રવાસમાં ચેક ઈન-સામાનમાં વિલંબઃ વિદેશ પ્રવાસના સમયે જો પ્રાથમિક જરૂરિયાતના સામાનમાં છ કલાકથી વધુનો વિલંબ થાય તો સામાનની કિંમત ભરપાઈ થશે. પરંતુ જે ત્યારે લાગુ થશે કે જ્યારે ફલાઈટ ટીકિટ એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડથી ખરીદવામા આવી હોય. ચેક ઈન સામાન એટલે કે કાર્ડ ધરાવનાર અને જેને આ કવર હેઠળ રક્ષણ મળવાની જોગવાઈ છે તેના દ્વારા વિદેશ પ્રવાસ સમયે ટ્રાન્સપોર્ટેશન માટે સોંપાયેલ તેમજ ભારતની બહાર આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ કે કુરિયર સર્વિસ કંપની દ્વારા સ્વીકારવામા આવેલ હોય તેમજ જે સામાન માટે તેને રસિદ ઈસ્યુ કરવામા આવી હોય કે આપવામા આવી હોય.

વિદેશ પ્રવાસમાં ચેક ઈન-સામાનનું ખોવાઈ જવુ કે ગુમ થવુ: વિદેશ પ્રવાસના કિસ્સામાં સામાન ખોવાઈ જવો કે સામાનને નુકશાન થવુ તે બાબતનો પણ સમાવેશ થશે. પરંતુ જે ત્યારે માન્ય ગણાશે કે જ્યારે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા ફલાઈટ-વિમાની સેવાની ટીકિટ ખરીદવામા આવી હોય. ચેક ઈન સામાન એટલે કે કાર્ડ ધરાવનાર અને જેને આ કવર હેઠળ રક્ષણ મળવાની જોગવાઈ છે તેના દ્વારા વિદેશ પ્રવાસ સમયે ટ્રાન્સપોર્ટેશન માટે સોંપાયેલ તેમજ ભારતની બહાર આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ કે કુરિયર સર્વિસ કંપની દ્વારા સ્વીકારવામા આવેલ હોય તેમજ જે સામાન માટે તેને રસિદ ઈસ્યુ કરવામા આવી હોય કે આપવામા આવી હોય.

પ્રવાસ સંબંધિત દસ્તાવેજ ખોવાઈ કે ગુમ થઈ જવા: વિદેશ પ્રવાસના સમયે પાસપોર્ટ કે અન્ય પ્રવાસ સંબંધિત દસ્તાવેજો ખોવાઈ જાય કે ગુમ થઈ જાય તો પાસપોર્ટ-દસ્તાવેજ મેળવવા માટે થયેલ ખર્ચ અરજી ફી સાથે કવર થશે. જો કે આ માટે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા ફલાઈટ ટિકિટ ખરીદેલી હોવી જોઈએ અને તો જ માન્ય ગણાશે.

K) ચુકવણીમાં કૂસરવાર કે નિયમભંગ

1) પેમેન્ટ ચુકવવાની અંતિમ તારીખ સુધીમાં લઘુત્તમ બાકી રકમ ચુકવવા ન આવે અથવા કાર્ડ મેમ્બર કરારની કોઈ પણ શરત કે કલમનો ભંગ કરવામા આવશે તો કાર્ડધારકને સમય સમય પર પોસ્ટ દ્વારા કે ફેક્સ દ્વારા કે ટેલિફોન દ્વારા કે ઈમેઈલ અથવા એસએમએસ મેસેજ દ્વારા અથવા તો બાકી રકમ વસુલવા નિમાયેલા ગ્રાહિત પક્ષો દ્વારા જાણ કરીને યાદ અપાવવામા આવશે. બાકી લેણું કે રકમ વસુલવા માટે નિમાયેલા ગ્રાહિત પક્ષ કે વ્યક્તિઓ દ્વારા ઈન્ડિયન બેંક એસોસિએશનના દેવા વસુલતાના નિયમો (સંહિતા) નું પાલન કરાશે.

2) ગ્રાહકોને ચુકવણીની અંતિમ તારીખ વીતી ન ગઈ હોય તો કે પેમેન્ટ ઓવરડ્યુ ન થયુ હોય તો અંતિમ તારીખથી વધારાના ત્રણ દિવસ આપવામા આવશે. આ સુવિધા ચુકવણીના કે પેમેન્ટના પ્રોસેસિંગ ટાઈમને ધ્યાનમા રાખીને આપવામા આવે છે પરંતુ ગ્રાહકે ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટામાં દર્શાવેલી અંતિમ તારીખ સુધીમાં ચુકવણી કરી જ દેવાની રહેશે.

3) ગ્રાહક સતત ત્રણ કે તેથી વધુ મહિના સુધી ચૂક થાય તો, અથવા સેટલમેન્ટ કેસોમાં, બિલ સ્ટેટમેન્ટ લેણાં ઉપરાંત ફાઇનાન્સ ચાર્જ અને લાગુ કર વસૂલવામાં આવશે જ્યાં સુધી સંપૂર્ણ બાકી રકમ ચૂકવવામાં ન આવે. ચોક્કસ બાકી રકમની વિગતો માટે, કૃપા કરીને બેંક સાથે તપાસ કરો.

4) ક્રેડિટ કાર્ડ એકા ઉન્ટને બાકી રકમ ચુકવાઈ ન હોવા તરીકે બેંક ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ (સીઆઈસી) ઓને રીપોર્ટ કરી શકે છે અથવા જાણ કરી શકે છે. ઉપરાંત બાકી રકમ ચુકવણીની તારીખ વિત્યાના ત્રણ દિવસ કરતા વધુ સમય માટે જો પાસ્ટ ડ્યુ તરીકે કાર્ડ

એકાઉન્ટ હોય તો બેંક લેટ પેમેન્ટ એટલે કે મોડી ચુંકવણી માટે પણ ચાર્જ વસુલશે. ચુંકવણીની અંતિમ તારીખ પછી વિતેલા દિવસો અને લેટ પેમેન્ટ ચાર્જીસની ગણતરી ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં દર્શાવેલી અંતિમ તારીખથી ગણવામા આવશે.

5) પેમેન્ટ ચુકવણીમાં જો કાર્ડધારક બેદરકારી દાખવશો તે બેંક તેની વિવેદબુદ્ધિથી નીચેની પ્રક્રિયા કરવા માટે હકદાર છે.

   a. કાર્ડધારકને ક્રેડિટ કાર્ટ પર અપાયેલી તમા સુવિધાઓ પાછી ખેંચવી
   b. કાર્ડધારકને તેના કાર્ડ પરના તમામ બાકી ચુકવણા માટે કહેવામા આવશે.
   c. બેંક પોતાના પૂર્વાધિકાર-હકનો ઉપયોગ કરતા કાર્ડધારકના નામથી બેંકમાં જોડાયેલા કે રહેલા અન્ય તમામ એકાઉન્ટસ, નાણાં કે થાપણો (ડિપોઝિટસ)માંથી ક્રેડિટ કાર્ડની ચુકવણીની બાકી રહેલી રકમ વસુલશે.

6) ગ્રાહક બાકી રકમ ચુકવવામાં કસૂરવાર ઠરે તો આવા કિસ્સામાં બેંક કસૂરદાર તરીકેનો રિપોર્ટ ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરોઝ અથવા કાયદા દ્વારા માન્ય કરાયેલી અન્ય એજન્સીઓને મોકલી શકે છે. કાર્ડધારકને ડીફોલ્ટર એટલે કે ચુકવણીમાં કસૂરવાર ગણવા માટે પેમેન્ટ ડ્યુ ડેટ (ચુકવણીની અંતિમ તારીખ) અને બિલિંગ સ્ટેટમેન્ટમાં દર્શાવેલી બિલની તારીખ વચ્ચેના સમયને નોટિસ પીરિયડ (સૂચના સમય) તરીકે ગણવામા આવશે.

7) ડિફોલ્ટ કે કસૂરવાર તરીકેનો રિપોર્ટ પાછો ખેંચવાની પ્રક્રિયા અને બાકી ચુકવણા માટે સેટલમેન્ટ થયા પછી ડિફોલ્ટ રીપોર્ટ ખેંચવામા આવેઃ

   *બેંક કાર્ડધારકનો ડેટા સિબિલ- ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો (ઈન્ડિયા) લિમિટેડને મહિનામાં બે વખત (નિશ્ચિતસમયગાળા તારીખ (સાયકલ ડેટ) રિપોર્ટિંગ અને માસ અંત રિપોર્ટિંગ) સિબિલના નિર્ધારિત કરેલા ફોર્મેટમાં મોકલે છે કે સબમિટ કરે છે. આ ડેટામાં કસૂરવાર અને બિનકસૂરવાર ચાલુ કાર્ડધારકના પાછલા મહિના માટેના રીપેમેન્ટના સ્ટેટસ એટલેકે સ્થિતિનો સમાવેશ થાય છે.
   જ્યારે ગ્રાહક માંડવાળ કે સમાધાન માટેનો વિકલ્પ પસંદ કરે અથવા તો ચુકવણીની ઈચ્છા ન ધરાવતા જો એકાઉન્ટમાં જવાબદારી કે મિલકત ઝીરો તરીકે ગણાય જાય તો ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ આવા એકાઉન્ટને માંડવાળ થયેલ કે એકાઉન્ટ રદ કે ઝીરો થયેલ તરીકે ગણાવી પોતાના રિપોર્ટમાં અપડેટ કરે છે.

8) કાર્ડધારકના મૃત્યુ કે સ્થાયી અક્ષમતાના કેસમાં બાકી રહેલા ચુકવણાની રીકવરી એટલે કે વસુલી માટે સંપૂર્ણ બાકી રહેલા નાણા (ન ચુકવાયેલ વ્યવહારો સાથે) તાકીદની અસરથી બિનચુકવેલ થઈ જશે અને એક્સિસ બેંકને ચુકવવાપાત્ર રહેશે. એક્સિસ બેંક કાર્ડધારકની

મિલકત-સંપત્તિમાંથી બાકી રહેલ કુલ રમકને વસુલવા માટે હકદાર રહેશે. બેંક બાકી રહેલી કુલ રકમને કાર્ડધારકના નામ સાથે બેંકમાં જોડાયેલ અન્ય એકાઉન્ટ્સ, ડિપોઝિટ કે નાણાંમાંથી વસૂલવા હકદાર છે.

9) જો ક્રેડિટ કાર્ડ બંધ થઈ જાય અને કાર્ડમાં ક્રેડિટ બેલેન્સ હોય તો કાર્ડ સીઆઈસીમાં બંધ થયલે તરીકે અપડેટ નહીં થાય. માત્ર તેવા જ ક્રેડિટ કાર્ડ બંધ થયેલ ગણાશે કે જેમાં બેલેન્સ ઝીરો કે શૂન્ય કે કંઈ નહીં હોય અને જે સીઆઈસીમાં બંધ કાર્ડ તરીકે રિપોર્ટ થશે.

L) જાહેરાત

એક્સિસ બેંક આરબીઆઈ દ્વારા અધિકૃત ક્રેડિટ બ્યુરો સાથે જોડાણ કરી શકે છે અને ક્રેડિટ સંબંધિત માહિતી, વર્તમાન બેલેન્સ, થયેલ ચુકવણીનો ઈતિહાસ કે અગાઉની ચુકવણીઓ તથા નામ,જન્મ તારીખ, જાતિ, સરનામુ વગેરે સહિત (આ સિવાય અન્ય પણ)ની ડેમોગ્રાફિક વિષયક વિગતો વહેંચી શકે છે. ક્રિડેટ કાર્ડ મંજૂર કરવુ જોઈએ કે ન કરવુ તે જોઈએ તે સંબંધે ક્રેડિટ બ્યુરોઝ કોઈ પણ પ્રકારનો મત ,સૂચન કે સંકેત આપતા નથી કે કોઈ ટીકા ટિપ્પણી કરતા નથી. તે તમારા પર છે અને તમારા હિતમાં છે કે સમયસર જરૂરી બાકી રકમ ચુકવી દેવી અને ક્રેડિટ હિસ્ટ્રીને સારી રીતે જાળવવી. ક્રેડિટ બ્યુરોની સ્થાપના થતા કે બ્યુરો શરૂ થતા જવાબદાર ગ્રાહકો ઝડપી અને વધુ સારી સેવાઓ યોગ્ય તથા સરળ શરતો સાથે ક્રેડિટકાર્ડ કે ધિરાણ આપનારાઓ પાસેથી મેળવી શકે છે અથવા તો તેની આશા રાખી શકે છે. જો ગ્રાહકો ચુકવણી બાબતે કસૂરવાર ઠરે તો ક્રેડિટ બ્યુરોના નિયમો મુજબ તમારી ભવિષ્યની જરૂરીયાતો માટે ક્રેડિટ મેળવવાની યોગ્યતા કે લાયકાતને અસર થઈ શકે છે. એક્સિસ બેંક માસિક ધોરણે અથવા બેંક અને ક્રેડિટ બ્યુરો વચ્ચે સંમંતિ મુજબ નિશ્ચિત સમયગાળા માટે ક્રેડિટ બ્યુરોને ગ્રાહકોની માહિતી બાબતે જાણ કરશે.

બેંકને સૂચિત કોઈપણ બિલિંગ વિવાદના કિસ્સામાં, માહિતીનો ખુલાસો/જાહેરાત, ખાસ કરીને ચૂક વિશે, વિવાદનું સમાધાન થયા પછી જ કરવામાં આવશે. ગ્રાહકોએ હજુ પણ વિવાદનું નિરાકરણ ન આવે ત્યાં સુધી બિલિંગ સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબ ઓછામાં ઓછી ન્યૂનતમ રકમ (MAD) ચૂકવવાની રહેશે. નિયત તારીખ સુધીમાં MAD ચૂકવવામાં નિષ્ફળતાના પરિણામે ખાતાને ભૂતકાળની બાકી રકમ ગણવામાં આવશે અને તે મુજબ CIC ને જાણ કરવામાં આવશે. કાર્ડધારક સ્વીકારે છે કે એક્સિસ બેંક કાર્ડધારક/એડ-ઑન કાર્ડધારક (ઓ) સંબંધિત માહિતી, જેમાં કાર્ડધારક દ્વારા તેની જવાબદારી નિભાવવામાં કરવામાં આવેલા કોઈપણ ચૂક સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે, જેમ કે એક્સિસ બેંક યોગ્ય અને જરૂરી માને છે, બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કોઈપણ હાલના અથવા વધુ ક્રેડિટ બ્યુરો સાથે શેર કરવા માટે અધિકૃત છે. તે મુજબ, એડ-ઓન કાર્ડધારક (ઓ) તરફથી આવા ક્રેડિટ બ્યુરોને માહિતી જાહેર કરવાની સંમતિ.

આવી સંસ્થાઓ બેંકો/નાણાકીય સંસ્થાઓ અને અન્ય ક્રેડિટ ગ્રાન્ટર્સને પ્રોસેસ્ડ માહિતી અથવા ડેટા અથવા ઉત્પાદનો ઉપલબ્ધ કરાવી શકે છે. ક્રેડિટ બ્યુરોમાં ક્રેડિટ બ્યુરો, ક્રેડિટ રેફરન્સ એજન્સીઓ, ક્રેડિટ ઇન્ફર્મેશન કંપનીઓ અથવા ઉધાર લેનારાઓને લગતી ક્રેડિટ માહિતી એકત્રિત કરવા, એકત્રિત કરવા અને પ્રસારિત કરવાના હેતુથી RBI દ્વારા રચાયેલી અને અધિકૃત કોઈપણ અન્ય એન્ટિટીનો સમાવેશ થાય છે.

જો કાર્ડધારક ઇચ્છે કે તેઓને એક્સિસ બેંક કે તેના સહાયકો કે સબસીડરીઝ કે એજન્ટો તરફથી કોઈ પણ સીધા માર્કેટિંગ સંબંધિત અથવા ટેલી કોલિંગ અથવા ટેલીસેલ્સ ફોન કોલ્સ ન આવે તો તેઓ ટ્રાઈની વેબસાઈટ પર અપાયેલી વિગતો મુજબ પ્રોવાઈડર કસ્ટમર પ્રેફરન્સ રજિસ્ટર પર જઈને રજિસ્ટરિંગ કરાવી આ બાબતે નાપસંદનો વિકલ્પ પસંદ કરી શકે છે.

એક્સિસ બેંક અન્ય કોર્પોરેટ અને વેપારીઓ સાથે મળી કો બ્રાન્ડ ક્રેડિટ કાર્ડ પણ રજૂ કરે છે. બેંક આવક કે ફી પાર્ટનર વેપારી અથવા કોર્પોરેટ સાથે આ કરાર હેઠળ વહેંચી શકે છે. ગ્રાહકો સ્પષ્ટપણે બેંકને પોતાની સંમતિ આપે છે કે તેઓ દ્વારા અપાયેલી માહિતી માઈલ્સ એન્ડ મોર, વિસ્તારા એરલાઈન્સ, સેમસંગ, સ્પાઈસજેટ કે જેઓ સહ બ્રાંડ પાર્ટનર તરીકે કામ કરે છે, તેઓ સાથે એનરોલમેન્ટ, કાર્ડ ફીચર્સ પરીપૂર્ણ કરવા, માર્કેટિંગ કરવા, પ્રમોશનલ પ્રવૃત્તિઓ કરવા કે અન્ય લાભના વળતર માટે વહેંચી શકે છે. આ બાબત સહબ્રાંડેડ ક્રેડિટ કાર્ડ જેવા કે એક્સિસ બેંક માઈલ્સ એન્ડ મોર વર્લ્ડ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક વિસ્તારા એરલાઈન્સ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક વિસ્તારા સિગ્નેચર ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક વિસ્તારા પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ, સેમસંગ એક્સિસ બેંક ઈન્ફિનિટ ક્રેડિટ કાર્ડ, સેમસંગ એક્સિ બેંક સિગ્નેચર ક્રેડિટ ક ર્ડ, સ્પાઇસજેટ એક્સિસ બેક વોયાગ બ્લેક ક્રેડિટ કાર્ડ, સ્પાઇસજેટ એક્સિસ બેંક વોયાગ ક્રેડિટ કાર્ડ અને એક્સિસ બેંક શોપર્સ સ્ટોપ ક્રેડિડ કાર્ડ પર પણ લાગુ પડે છે. સહ બ્રાંડ પાર્ટનર્સ માઈલ્સ એન્ડ મોર, વિસ્તારા એરલાઈન્સ, સેમસંગ, સ્પાઈસજેટ અને શોપર્સ સ્ટોપ છે.

એક્સિસ બેંક અનેક પ્રકારની વિશેષતાઓ અને નવા નવા ફીચર્સ તેમજ લાભો સાથે ક્રેડિટ કાર્ડસ ઓફર કરે છે. જેના માટે એક્સિસ બેંક દ્વારા વિવિધ સર્વિસ પુરી પાડનારાઓને કોન્ટ્રાક્ટ આધારે રાખવામા આવ છે.જેઓ દ્વારા કાર્ડ ધારકોને વાઉચર્સ, ડિસ્કાઉન્ટ, કેશબેક, મેમ્બરશિપ્સ, ઇન્સ્યોરન્સ વિકલ્પ (કાર્ડ પ્રોટેકશન પ્લાન્સ, ક્રેડિટ કવચ, હેલ્થ પ્લાન) સહિતના પ્રોડક્ટ ફીચર્સ, લાભો, અન્ય મૂલ્ય વર્ધીત સેવાઓને આપવામા આવે છે. આ ઉપરાંત નોંધણી, કાર્ડની વિશેષતાઓ કે ફીચર્સની પરિપૂર્ણતા માટે, માર્કેટિંગ કે પ્રમોશનલ (પ્રોત્સાહક) પ્રવૃત્તિ અને લાભના વળતર સહિતના હેતુઓ માટે કાર્ડધારકોની વ્યક્તિગત માહિતી અને સંવેદેશનશિલ વ્યક્તિગત માહિતી (પર્સનલ

ડેટા) સહિતની વિગતો કે ડેટા એક્સિસ બેંક મેળવવા કે ભેગી કરવા, પ્રક્રિયા કરવા, રેકોર્ડ કરવા કે તેમજ બેંકના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર્સ (સેવા પુરી પાડનારા) ઓ સાથે માહિતી કે ડેટાની આપ-લે કરવા કે જાહેર કરવા અધિકૃત છે તથા તે પ્રકારની સંમંતિ કાર્ડધારકો દ્વારા સ્પષ્ટપણે અપાઈ છે. કાર્ડધારકો સમજે છે અને સ્વીકારે છે કે આ પ્રકારની સંમંતિ તમામ લાગુ થયેલા ક્રેડિટ કાર્ડસ જેવા કે એક્સિસ બેંક નીઓ ક્રેડિડ કાર્ડ, એક્સિસ બેંક માય ઝોન ક્રેડિટ કાર્ડ, ઈન્ડિયન ઓઈલ એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક રીવોડ્ર્સ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક એટલાસ ક્રેડિડ કાર્ડ, એક્સ બેંક સિલેક્ટ ક્રેડિડ કાર્ડ, એક્સિ બેંક પ્રિવિલેજ ક્રેડિડ કાર્ડ, એક્સિસ બેંક ઈન્ફિનિટ રીઝર્વ ક્રેડિટ કાર્ડ, એક્સ બેંક મેગ્નસ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક પ્રાઈડ ક્રેડિડ કાડ્ર્સ, એક્સિસ બેંક એડવાન્ટેજ ક્રેડિટ કાર્ડ, એક્સિસ બેંક ઓરા ક્રેડિટ કાર્ડ માટે માન્ય રહેશે.

એક્સિસ બેંક, વીમા કંપનીઓ સાથે જોડાણ કરીને ખોવાયેલા કાર્ડ કે કાર્ડ સંબંધિત છેતરપીંડીથી ઉદભવતી જવાબદારીઓની બાબતમાં સુરક્ષા આપવા કે સંભાળ રાખવા વીમા કવર રજૂ કરે છે.કાર્ડધારક એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ સાથે આવા કોઈ પણ વીમા કવરનો વિકલ્પ પસંદ કરવા માંગે છે તો કાર્ડધારક નીચે દર્શાવેલ નિયમો અને શરતો વાંચી અને સંમત થયાની પુષ્ટી આપે છે.

i. કાર્ડધારક કોલિંગ માટે કે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ પર સંબંધિત વીમા કવરની ઓફર આપવા માટે કોલિંગ કરવા કે કોઈ અન્ય રીતે સંપર્ક કરવા એક્સિસ બેંકને તેની કે તેણીની વ્યક્તિગત માહિતી બેંકના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર્સ અથવા તો જોડાયેલી વીમા કંપનીઓ સાથે વહેંચવા સ્પષ્ટ સંમતિ આપે છે.

ii) એક્સિસ બેંક હાલના લાગુ ડેટા પ્રોટેકશન કાયદા તેમજ નિયમોનુસાર કાર્ડધારકના બેંક કે જોડાયેલી વીમા કંપનીઓ-સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ સાથે વહેંચાતા ડેટા તેમજ વ્યક્તિગત માહિતી બાબતે ગુપ્તતા જાળવવા માટે એક્સિસ બેંક પ્રતિબદ્ધ છે. એક્સિસ બેંક અને તેના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર્સ તેમજ જોડાયેલી વીમા કંપનીઓ પણ વ્યક્તિત માહિતી કે પર્સનલ ડેટાના કોઈ પણ હેતુ માટે ઉપયોગ સમયે યોગ્ય અને વ્યાજબી સુરક્ષા માપદંડોનું ધ્યાન રાખે છે.

iii) એક્સિસ બેંક એ પણ ખાત્રી આપે છે કે કોઈ હેતુ માટે કરવામા આવેલા ફોન-કોલ્સની મર્યાદા સંબંધિત નિયમો મુજબ રહેશે અને ફોનકોલ્સની બાબતમા વ્યાજબી તથા સંબંદિત નિયમોનું પાલન થશે. એક્સિસ બેંક કાર્ડધારકને અસુવિધા પહોંચાડયા વિના મૂલ્યવાન માહિતી પુરી પાડવાનો પ્રયાસ કરે છે.

iv. એક્સિસ બેંક નિયમો અને શરતોમાં ફેરફાર કે બદલાવ માટેના હકો ધરાવે છે. કોઈ પણ ફેરફાર માટે કાર્ડધારકને યોગ્ય માધ્યમો કે ચેનલ્સ દ્વારા જાણ કરવામા આવશે.

કાર્ડધારકોને અહીં એ પણ જણાવવામા આવે છે કે ક્રેડિટ કાર્ડ માટે અરજી કર્યા બાદ અપ્રુવ થવામા કે મંજૂર થવામા લાગતો સમય દરેક કેસમાં જુદો જુદો હોય શકે છે. ક્રેડિડ કાર્ડ માટે અરજી થયાના 14 દિવસમાં ડિલિવરી થાય છે.

કાર્ડધારક એ બાબતની ખાત્રી કરી લે કે તેઓએ જે મોબાઈલ નંબર આપ્યો છે કે અરજી ફોર્મમાં દર્શાવ્યો છે તે તેઓના જ નામ પર નોંધાયેલો છે. જો પાછળથી એવુ ધ્યાને આવશે કે આપેલ મોબાઈલ નંબર કે અરજીમાં દર્શાવેલ નંબર તેઓના નામ પર નથી તો ક્રેડિટકાર્ડ પર મોબાઈલ નંબરથી કરવામા આવતી કોઈ પણ પ્રવૃત્તિ કે વ્યવહાર માટે તેઓ જવાબદાર રહેશે.

એક્સિસ બેંક બેંકિંગ કોડ્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ બોર્ડ ઓફ ઈન્ડિયા (BCSBI) ની મેમ્બર છે. બીસીએસબીઆઈ સંહિતા-નિયમો હેઠળ અમારી પ્રતિબદ્ધતા જાણવા અને જોવા માટે અમારી વેબસાઈટમાં હોમપેજની મુલાકાત લેવા વિનંતી

M) તકરાર કે વિવાદમાં મધ્યસ્થી બાબતે કલમ કે જોગવાઈ

આ સિવાયની સ્થિતિમાંથી ઉદભવતા અન્ય તમામ વિવાદો કે મતભેદો કે દાવાઓ કે પ્રશ્નો અથવા કોઈ પણ રીતે તેને સ્પર્સતા અથવા સંબધિત બાબતોમાં પક્ષકારોના હકો, ઉપકારો અને જવાબદારીઓ સંદર્ભે મધ્યસ્થી દ્વારા ઉકેલ લાવવામા આવશે અને આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિએશન એક્ટ 1996 અથવા અન્ય વૈધાનિક સુધારાઓની જોગવાઈઓ અનુસાર વિવાદો-મતભેદોમાં મધ્યસ્થી સંદર્ભે ઉકેલ લાવવામા આવશે. આ ઉપરાંત મધ્યસ્થીની જરૂરીયાતના કેસોમાં બેંક કે ધીરાણકર્તા દ્વારા કોઈ મધ્યસ્થી નિમવામા આવી શકે છે તેમજ મધ્યસ્થી તરીકે નિમાયેલા મધ્યસ્થીના મૃત્યુ, અનઈચ્છા, નામરજી, નગણ્ય કે અક્ષમતાની બાબતમાં બેંક કે ધિરાણકર્તા દ્વારા નવા મધ્યસ્થી કે આર્બિટ્રેટરની નિમણૂંક થઈ શકે છે. મધ્યસ્થી દ્વારા અપાયેલા કોઈ પણ નિર્યણ કે ચુકાદા સંદર્ભે કારણ આપવા તેઓ બંધાયેલા નથી. મધ્યસ્થી દ્વારા અપાયેલ નિર્ણય તમામ પક્ષકારો માટે અંતિમ અને બંધનકર્તા ગણાશે. મધ્યસ્થી તરીકે પ્રક્રિયા કે કાર્યવાહી માત્ર મુંબઈમાં જ થશે.

N) પ્રતિબંધ સંબંધીત કલમ કે જોગવાઈ

ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડસનો ઉપયોગ ઈન્ટરનેટ પર કે અન્ય કોઈ પણ રીતે થઈ શકતો નથી, જેમાં લોટરી ટિકિટોની ખરીદી, પ્રતિબંધિત મેગેઝિન્સ લેવા, સ્વીપટેક્સ સટ્ટામાર્કેટમાં ભાગ લેવો, કોલ બેક સર્વિસીસ માટે ચુકવણી, તેમજ વિદેશ હૂંડિયામણ ઉપાડવાની મંજૂરી ન હોય તેવી વસ્તુઓ કે પ્રવત્તિ સહિતની બાબતનો સમાવેશ થાય છે. આ બાબતો પ્રતિબંધિત છે.

O) ફેમા (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ-વિદેશી હૂંડિયામણ સંચાલન અધિનિયમ)

i) ભારત બહાર કાર્ડના ઉપયોગથી ટ્રાન્ઝેકશન કે વ્યવહાર હાલના લાગુ કાયદા અનુસાર જ થવો જોઈએ.આ કાયદામાં આરબીઆઈના એક્સચેન્જ કંટ્રોલ રેગ્યુલેશન્સ તેમજ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ 1999 નો સમાવેશ થાય છે. જો આ કાયદાઓનો ભંગ થશે તો તમારી સામે દંડનીય કાર્યવાહી થઈ શકે છે.

ii) ઈલેક્ટ્રોનિક કે ઈન્ટરનેટ ટ્રેડિંગ પોર્ટલ દ્વારા વિદેશી ફોરેક્સ ટ્રેડિંગને સીધી કે આડકતરી રીતે ચુકવણી કરવા માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકાતો નથી. નિયમનકારી માર્ગદર્શિકા મુજબ આ પ્રતિબંધિત છે. વધુ વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી.

iii) કાર્ડ ભારત અને વિદેશ બંને જગ્યાઓએ માન્ય છે પરંતુ તેમ છતાં નેપાલ અને ભુતાનમાં વિદેશી નાણા વ્યવહાર એટલે કે ફોરેન કરન્સી ટ્રાન્ઝેકશન માટે માન્ય નથી.

iv) એક્સિસ બેંક એનઆરઈ એકાઉન્ટ દ્વારા જ ફરજીયાતપણે ઓટો પે મોડથી 100% ચુકવણી થવી જોઈએ અને જે માત્ર એનઆરઆઈ ગ્રાહકો માટે જ છે.

v) NRI ગ્રાહકો માટે રોકડ ચુકવણી સ્વીકાર્ય નથી.

P) કાર્ડ એકાઉન્ટમાં અનઅધિકૃત ઈલેક્ટ્રોનિક બેંકિંગ ટ્રાન્ઝેકશન

1) જે ગ્રાહકો દ્વારા બેંકને માન્ય મોબાઈલ નંબર નથી આપવામા આવ્યા તેઓ માટે ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેકશનની સુવિધા બેંક દ્વારા આપવામા આવતી નથી.માત્ર એટીએમ દ્વારા રોકડ ઉપાડની જ સુવિધા ઉપલબ્ધ થશે.

2) ગ્રાહકને ઉપલબ્ધ કરાવવામાં આવેલા કોઈપણ સ્ટેટમેન્ટ/રેકોર્ડ પરના વ્યવહારો / બેલેન્સની વિગતોમાં કોઈ વિસંગતતા હોય તો ગ્રાહક સાત (7) દિવસની અંદર બેંકને લેખિતમાં જાણ કરશે.

3) જો બેંકને કામકાજના સાત (7) દિવસો પછી કોઈ પણ પ્રકારની વિપરીત માહિતી મળે તો ગ્રાહકોની જવાબદારી બેંક બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી નીતિ મુજબ નક્કી કરવામા આવશે અને જે બેંકની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

4) અપાયેલા નિયમો અને શરતો મુજબ બેંક દ્વારા ઈલેક્ટ્રોનિક અથવા દસ્તાવેજી સ્વરૂપે જળવાયેલ તમારી સૂચનાઓ અને આવી અન્ય વિગતો (સમાવિષ્ટ પરંતુ ચુકવાયેલ અને મળેલ પેમેન્ટ સુધી મર્યાદિત નહીં) તમારા વિરૂદ્ધ આવી સૂચનાઓ અને આવી અન્ય વિગતોના નિર્ણાયક પુરાવા તરીકે માનવામા આવશે.

5) જો ખાતામાં થયેલા વ્યવહારો કે બેંકને થયેલા રિપોર્ટિંગના સમયના સંબંધમાં કે સંબંધિત બેંક એકાઉન્ટ બાબતે કોઈ પણ વિવાદ હોય તો બેંક વિવાદિત વ્યવહારોનો સમય અને કે અથવા અધિકૃતતાની ખાત્રી બાબતે બેંક પાસે અધિકાર છે. ઉપરાંત તમારા કાર્ડ એકાઉન્ટમાં ત્રાહિત પક્ષને કારણે કોઈ છેતરપીંડી થઈ હોય કે કોઈ એવો વ્યવહાર થયો કે જેમાં તમારું કોઈ યોગદાન કે ફાળો ન હોય તો આરબીઆઈના ગ્રાહક સુરક્ષા-ગ્રાહકોની મર્યાદિત જવાબદારી સંબંધિત પરિપત્ર (સર્ક્યુલર) નીગાઈડલાઈન મુજબ અનઅધિકૃતક ઈલેક્ટ્રોનિક બેંકિંગ ટ્રાન્ઝેકશન બાબતે કાર્યવાહી થશે તેમજ સમયાંતરે નિયમોમાં થતા સુધારા લાગુ થશે અને તે સમયના નિયમો બંધનકર્તા રહેશે.

6) કસ્ટમર કેર (ગ્રાહક સુવિધા) - ગ્રાહક ફરિયાદ નિવારણ સંપર્ક માહિતી માટે અમારી વેબસાઈટ **www.axis.bank.in/support** પર જાઓ.

Q) સુરક્ષિત ક્રેડિટ કાર્ડ્સ

1) બેંક દ્વારા આપવામા આવતી અન્ય કોઈ પણ સુવિધા કે સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ (સુરક્ષિત ક્રેડિટ કાર્ડસ) હેઠળ ફિક્સ ડિપોઝિટને ગ્રાહકની બાકી ચુકવણીની રકમ માટે સતત સલામતી રૂપે ગણવામા આવશે. ફિક્સ ડિપોઝિટ તમામ બાકી લેણાં માટે અંતત જમા રકમ ગણવામા આવશે.

2) ગ્રાહકના ડિફોલ્ટર થવાના કિસ્સામાં એટલે કે ચુકવણીમાં કસુરવાર થવાના કિસ્સામાં અથવા તો બેંકની માંગણી સામે ક્રેડિટ ફિસિલિટી અથવા ફિસિલિટીઝ પરત ન કરવામાં આવે તો બેંક પાકી ન હોય તેવી ફિક્સ સમયની કે કેટલીક મુદતની ડિપોઝિટને તોડીને જરૂરી પગલાં લઈ શકે છે,આ ઉપરાંત સિક્યુરિટીઝ કે ફિક્સ્ડ ડિપોઝિટ-ટર્મ ડિપોઝિટ્સને ઉપાડી અથવા રોકી કે ટ્રાન્સફર પણ બેંક કરી શકે છે અને ગ્રાહકની કોઈ કોઈ પણ બ્રાંચમાના ખાતુ કે ખાતાની રકમને બાકી જવાબદારી-દેવા સામે પ્રક્રિયા કરવા ઉપયોગ કરી શકે છે.

3) બેંક પાસે ગ્રાહકની લાયકાતના આધાર પર સિક્યોર્ડ ક્રેડિડ કાર્ડ સાથે લિંક થયેલી ફિક્સ્ડ ડિપોઝિટના પૂર્વાધિકારીને દૂર કરવાની સત્તા છે.

R) સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ (ખાસ દર્શાવેલ એકાઉન્ટ-એસએમએ) અને નોન પર્ફોર્મિંગ એસેટ (બિનકાર્યક્ષમ સંપત્તિ-એનપીએ)

નિમયનકારી માર્ગદર્શિકાઓની જોગવાઈઓ મુજબ રૂપિયા આપનાર ધિરાણકર્તાઓએ લેણદાર કે ઉધારલેનારા ખાતેદારોના એકાઉન્ટની સ્થિતિ-કસૂરવાર ઠરશે કે તેની ત્વરીતની સ્થિતિને ઓળખીને તેને સ્પેશયલ મેન્શન એકાઉન્ટસ (SMA) એટલેકે ખાસ દર્શાવેલ એકાઉન્ટ તરીકે વર્ગિકૃત કરવાની જરૂર છે. લોન લેનારા કે ક્રેડિટમાં ઉધાર લેનારાના ખાતાઓને SMA અથવા તો NPA તરીકે વર્ગિકૃત કરવાની પ્રક્રિયા અંતિમ દિવસ પુરા થવાની પ્રક્રિયાના ભાગરૂપે થાય છે. જેમાં SMA અથવા NPA ગણ્યા તારીખ કેલેન્ડર તારીખ તરીકે રહેશે અને જે દિવસથી પ્રક્રિયા શરૂ થશે. જે મુજબ SMA અથવા NPA ની તારીખ કેલેન્ડર તારીખના અંતિમ દિવસે આગળના વર્ગિકરણમાં દેખાશે. આ પ્રક્રિયાને સમજવા માટે નીચે મુજબની ગણતરી અનુસરવી.

- **SMA 0 -** જો લોન એકાઉન્ટમાં ચુકવણીની અંતિમ તારીખ 31 માર્ચ 2021 હોય અને સંપૂર્ણ ચુકવણું બાકી આ તારીખે બાકી હોય તો એકાઉન્ટ 31 માર્ચ 2021 ના રોજ SMA 0 ગણાશે.
- **SMA 1 -** જો આગળ પણ ચુકવણું બાકી રહે તો 30 દિવસ પુરા થવા પર 30 એપ્રિલ 2021 ના રોજ એકાઉન્ટ SMA-1 તરીકે પ્રદર્શિત થશે.
- **SMA 2 –** જો આગળ પણ સતત બાકી નાણાંન ચુકવણી ન થાય અને ઓવરડ્યુ ચાલુ રહે તો 30 મે 2021 ના રોજ એકાઉન્ટ SMA-2 તરીકે પ્રદર્શિત થશે,.
- **NPA -** જો આગળ પણ વધુ સમય માટે એકાઉન્ટ બાકી ચુકવણમાં રહે એટલે કે નાણાની ચુકવણી ન થાય તો એકાઉન્ટ 29 જુન 2021 ના રોજ NPA તરીકે ગણાશે.

RBI ની ગાઈડલાઈન (માર્ગદર્શિકા) મુજબ એનપીએ તરીકે એકાઉન્ટનું વર્ગિકરણ ઉધાર લેનાર વ્યક્તિઓને આધાર થાય છે, નહીં કે તેઓને અપાતી સુવિધાઓને આધારે. એ ખાસ નોંધવુ રહ્યુ કે જો ગ્રાહકો દ્વારા બાકી રકમની ચુકવણી નહી કરવામા આવી હોય તો બેક દ્વારા અફાતી તમામ સુવિધાઓ બેંક દ્વારા પાછી ખેંચવા ઉપરાંત એકાઉન્ટ એનપીએ તરીકે ગણી લેવામા આવશે. ઉપરાંત કાર્ડ ધારકના અન્ય લોન એકાઉન્ટ કે ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ કે જે બેંક સાથે જોડાયેલા છે તે પણ એનપીએ તરીકે ગણી લેવામા આવશે. જ્યાં સુધી બાકી રકમની ચુકવણી નિયમિત નહીં થાય ત્યાં સુધી બેંક આવા એનપીએ એકાઉન્ટને કે સુવિધાઓને પાછી ખેંચવા કે બંધ કરવા હક ધરાવે છે.

S) સૌથી મહત્વની શરતો અને નિયમો પ્રાદેશિક ભાષાઓમાં

સૌથી મહત્વની શરતો અને નિયમોને પ્રાદેશિક ભાષાઓમાં જોવા,સમજવા અને વાંચવા માટે તેમજ વધુ માહિતી માટે https://www.axis.bank.in/important-links/credit-card/terms-and-conditions ની મુલાકાત લો. પ્રાદેશિક ભાષાઓમાં 1) મરાઠી 2) હિન્દી 3) બંગાળી 4) ગુજરાતી 5) મલયાલમ 6) તમિલ 7) તેલુગુ અને 8) કન્નડ ભાષાનો વિકલ્પ ઉપલબ્ધ છે.

કાર્ડધારક અહીં સ્વીકારે છે અને સંમંત થાય છે કે સૌથી મહત્વની શરતો અને નિયમો કે જે www.axis.bank.in પર પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ છે તે સૌથી મહત્વની શરતો અને નિયમોના અંગ્રેજી ભાષાના વર્ઝનને સમજવા માટે છે એટલે કે માત્ર સહાયક લખાણ છે.

કાર્ડધારક અહીં સ્વીકારે છે અને સંમત થાય છે કે અંગ્રેજી તેમજ અન્ય પ્રાદેશિક ભાષાઓમાં અપાયેલા મહત્વની શરતો અને નિયમો બાબતના લખાણ વચ્ચે જો કોઈ પણ અસાત્યતા કે ખામી કે વિસંગતતા જણાય તો અંગ્રેજી લખાણ કે અંગ્રેજી વર્ઝન જ માન્ય રહેશે તેમજ કાર્ડધારક માટે બંધનકર્તા રહેશે.

મહત્વની શરતો અને નિયમો પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ છે, જે નીચેની લિંક દ્વારા જોઈ શકો છો:

મરાઠી: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-marathi.pdf

હિન્દી: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-hindi.pdf

બંગાળી: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-bengali.pdf

ગુજરાતી: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-gujarati.pdf

મલયાલમ: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-malayalam.pdf

તમિલ: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-tamil.pdf

તેલુગુ: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-telugu.pdf

કન્નડ: - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/credit-cards/mitc/most-important-terms-and-conditions-for-axis-bank-credit-cards-kannada.pdf

ચેતવણી:

બેંક, તેના કર્મચારીઓ, એજન્ટો અથવા કોન્ટ્રાક્ટરો કોઈ પણ નુકસાન અથવા ખોવાઈ જવા બાબતે જવાબદાર રહેશે નહીં, પછી ભલે તે પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિણામી હોય, સમાવિષ્ટ પરંતુ આવકના નુકશાન સામે મર્યાદિત નહીં, નફો, વ્યવસાય, કરારો, અપેક્ષિત બચત અથવા શાખ, સોફ્ટવેર સહિત કોઈપણ ઉપકરણના ઉપયોગ અથવા મૂલ્યનું નુકશાન, ભલે તે અનુમાનિત હોય કે ન હોય, વપરાશકર્તા અથવા કોઈ પણ વ્યક્તિ દ્વારા ભોગવવામા આવેલ હોય, કોઈ પણ વિલંબ કે વિક્ષેપ કે સસ્પેન્શન, નિરાકરણથી ઉદભવેલ હોય અથવા બેંકની વિનંતી પ્રાપ્ત કરવામા અને પ્રક્રિયા કરવામા કોઈ ખામી હોય અને પ્રતિભાવો તૈયાર કરવામા તથા જવાબો આપવામા બેંકની કોઈ ભૂલ રહી હોય, ઉપરાંત વપરાશકર્તાના ટેલિકોમ્યુનિકેશન સાધનો અને કોઈ પણ સેવા પ્રદાન કરનારાના નેટવર્ક અને બેકની સિસ્ટમમાં કોઈ પણ માહિતી અથા સંદેશના ટ્રાન્સમિશનમાં કોઈ પણ નિષ્ફળતા બાબતે વિલંબ, વિક્ષેપ,સસ્પેન્શન, પ્રતિબંધ અથવા ભૂલ અથવા, બેંકની સિસ્ટમ અથવા કોઈપણ સેવા પ્રદાતાના નેટવર્ક અને કે અથવા કોઈ પણ તૃતિય પક્ષ જે સુવિધા પુરી પાડવા માટે જરૂરી હોય તેવા કોઈ પણ તૃતિય પક્ષના ટેલિકોમ્યુનિકેશન સાધનોમાં કોઈ પણ ભંગાણ, વિક્ષેપ, સસ્પેન્શન અથવા નિષ્ફળતાનો સમાવેશ થાય છે.પરંતુ તેના સંબંધમાં મર્યાદિત નથી. એક્સિસ બેંક તેના ઉત્પાદનોના સંબંધમાં જરૂરી શરતો કે નિયમો મુજબ તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, બાહ્ય સેવા પ્રદાતાઓ અથવા એજન્ટોની સેવાઓનો ઉપયોગ કરી શકે છે.

• કાર્ડ માટેના અરજી ફોર્મની સ્થિતિ માટે એક્સિસ બેંક દ્વારા 21 દિવસમાં જાણ કરવામા આવશે.

• એક્સ બેંક દ્વારા કોઈ પણ પ્રકારની ડીલ, ગિફ્ટસ, વાઉચર્સ, રીવોર્ટ પોઈન્ટના વળતર માટે કે કાર્ડને ચાલુ કરવા અથવા રદ કરવા માટે ક્યારેય પણ કાર્ડ CVV, પિન, OTP અથવા ઈન્ટરનેટ પાસવર્ડ માંગશે નહીં. જો આવી કોઈ પણ પ્રકારની માંગણી ફોન કોલ કે ઈમેઈલ દ્વારા આવે

તો તેને અવગણો. આવા કોઈ પણ પ્રકારના સંવાદ કે વ્યવહાર માટે એક્સિસ બેંની અધિકૃત વેબસાઈટ પર આપેલા બેંકના નંબરો પર સંપર્ક કરીને યથાર્થતા ચકાસી લો.

• કોઈ પણ પ્રકારના ઓનલાઈન કે ઈ કોમર્સ ટ્રાન્ઝેકશન્સ (વ્યવહારો) કરતા પહેલા વેબસાઈટ અને-અથવા પોર્ટલની અધિકૃતતાની ખાત્રી કરી લેવા વિનંતી.

• બેંક દ્વારા આપવામા આવતા કે ઈસ્યુ કરવામા આવતા કાર્ડ ગ્રાહકના વ્યક્તિગત વપરાશ માટે છે. ગ્રાહિત પક્ષના લાભ કે તેઓ વતી બેંક દ્વારા કોઈ પણ પ્રકારનું પ્રોત્સાહન અપાતુ નથી કે મદદ કરવામા નથી આવતી.

• આંતરરાષ્ટ્રીય વ્યવહારોમાં વિવાદ કે વેપારી રિફંડ તેમજ ચલણના વધઘટને કારણે ઉદભવતા કોઈ પણ દર તફાવત ગ્રાહક દ્વારા ભોગવવામા આવશે.

દસ્તાવેજ પૂર્ણ

સંપર્ક માહિતી

ગ્રાહક સંબંધિત સેવાઓ માટે સંપર્ક

18605005555 અથવા 18604195555 (ચાર્જીસ લાગુ થશે) અથવા 18001035577 (ટોલ ફ્રી) ભારતમાંથી કોઈ પણ લેન્ડલાઈન અથવા સેલ ફોન દ્વારા સંપર્ક કરી શકાશે

એસ (એસીઈ) ક્રેડિટ કાર્ડ માટેઃ 18604191919 (ચાર્જીસ લાગુ)
બરગંડી પ્રાઈવેટ કાર્ડ્સઃ 18002108888 (ટોલ ફ્રી)
પ્રીમિયમ કાર્ડસઃ વિસ્તારા ઈન્ફિનિટ, રીઝર્વ, સિલેક્ટ, એટલાસ,
માઈલ્સ અને વધુ, વર્લ્ડ સિલેક્ટ અને ઈન્ફિનિટ, 1800 419 0065 નંબર પર સંપર્ક કરવા વિનંતી

+91-22-27648000 ભારત બહારથી સંપર્ક માટે.
ઈમેઈલ આઈડીઃ axis.bank.in/support
ઈમેઈલ આઈડી ACE ક્રેડિટ કાર્ડ માટેઃ service.acecard@axis.bank.in

LIC કાર્ડ્સ માટેઃ 18004190064
બેન્કનો સંપર્ક સાધવા માટે કૃપા કરીને લિંક તપાસો :
https://application.axis.bank.in/webforms/axis-support/index.aspx

ફરિયાદ નિવારણ કે આગળ વધારાની રજૂઆત-ફરિયાદ માટે

પ્રતિ,
શ્રી જિનિત ઠક્કર, નોડલ ઑફિસર

એક્સિસ બેન્ક લિમિટેડ, NPC1, પાંચમો માળ, ગિગાપ્લેક્સ, પ્લોટ નંબર I.T.5, MIDC એઈરોલી નોલેજ પાર્ક, એઈરોલી, નવી મુંબઈ, 400708, ઈમેઈલ આઈડીઃ nodal.officer@axis.bank.in, ફોન. 91-080-61865200. સમયઃ સવારના 9:30 થી સાંજના 5:30 (સોમવારથી શુક્રવાર)

સવારના 9:30 થી બપોરના 2:00 (શનિવાર) બેન્કિંગ હોલિડે (જાહેર રજા સિવાય)

ફરિયાદ-તકરાર નિવારણ અધિકારી-ડિજિટલ લેન્ડિંગ

નામઃ શ્રી આશિષ રાજપુત
હોદ્દોઃ આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ
સરનામુઃ એક્સિસ બેન્ક લિમિટેડ, NPC1, પાંચમો માળ, ગિગાપ્લેક્સ, પ્લોટ નંબર I.T.5. MIDC. એઈરોલી નોલેજ પાર્ક, એઈરોલી, નવી મુંબઈ, 400708 સંપર્ક નં. 8061865200

સમયઃ સવારના 9:30 થી સાંજના 5:30 સોમવારથી શનિવાર (બીજા અને ચોથા શનિવાર તેમજ બેંક રજાઓ સિવાય).

ઈમેઈલ: nodal.officer@axis.bank.in

કોઈ પણ તકરાર કે ફરિયાદના કેસમાં લાગુ કોઈ પણ વળતર બેંકની વળતર નીતિ એટલે કે કમ્પેનસેશન પોલિસી મુજબ પુરુ પાડવામા આવશે અને જે https://www.axis.bank.in/docs/default-source/default-documentlibrary/Customer-Compensation-Policy.pdf પર ઉપલબ્ધ છે.

દસ્તાવેજ પૂર્ણ

O002504829_05_24